RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 299* Date: 27.08.2022, Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

સુપ્રીમ કોર્ટે રેવડી કલ્ચર મામલો ત્રણ જજની બેંચને મોકલી આપ્યો

એ વાતને નકારી શકાય નહીં કે ચૂંટણી લોકશાહીમાં વાસ્તવિક શક્તિ મતદારો પાસે હોય છે: સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,તા.૨૬

આજે સુપ્રીમ કોર્ટે આ મામલો ત્રણ જજની બેંચને મોકલી આપ્યો છે. ચૂંટણી દરમ્યાન મફત યોજનાઓની જાહેરાત અને તેના પછીના અમલીકરણથી અર્થતંત્રને નુકસાન થાય છે. સુપ્રીમ કોર્ટના વકીલ અશ્વિની કુમાર ઉપાધ્યાય દ્વારા દાખલ કરવામાં આવેલી પીઆઈએલ પર કોર્ટનો નિર્ણય આવ્યો છે. કોર્ટે કહ્યું કે 'ફ્રીબીઝ' (રેવડી કલ્ચર) એ કરદાતાના નાણાંનો નોંધપાત્ર બગાડ છે. કોર્ટે કહ્યું કે જ્યારે આ કોર્ટ નીતિ વિષયક મામલા પર કાર્યવાહી કરે છે ત્યારે આવો મામલો કોર્ટના કાર્યક્ષેત્ર અથવા અધિકારક્ષેત્રની બહાર હોય છે. અમે આ મુદ્દે શ્વેતપત્ર તૈયાર કરવા માટે એક સમિતિનું સૂચન કરવાનું વિચાર્યું અને જો સર્વપક્ષીય બેઠક બોલાવવામાં આવે તો આ મુદ્દે વ્યાપક ચર્ચાની જરૂરિયાત પૂરી થઈ શકે છે.

'ફ્રીબીઝ' એટલે કે રેવડી કલ્ચર પર સુનાવણી દરમ્યાન કોર્ટે કહ્યું કે, સરકારે સર્વપક્ષીય બેઠક બોલાવવી જોઈએ અને ચર્ચા કરવી જોઈએ. આ માટે કમિટી બનાવવી સારું રહેશે. સુપ્રીમ કોર્ટે કહ્યું, 'કેટલાક પ્રશ્નો છે જેમ કે ન્યાયિક હસ્તક્ષેપનો અવકાશ શું છે ? શું કોર્ટ કોઈપણ યોજનાનો અમલ કરવા માટે આદેશ આપી શકે છે ? સમિતિની રચના શું હોવી જોઈએ ? કેટલાક પક્ષનું કહેવું છે કે, સુબ્રમણ્યમ બાલાજીના ૨૦૧૩ના ચુકાદા પર પણ પુનર્વિચાર કરવાની જરૂર છે.

સુપ્રીમ કોર્ટે ચુકાદામાં કહ્યું કે, અરજદારનું કહેવું છે કે આવા વચનો રાજ્યની અર્થવ્યવસ્થા પર મોટી અસર કરે છે અને મત બેંકોને આકર્ષવા માટે નાણાકીય અસરોનું મૂલ્યાંકન કર્યા વિના કરવામાં આવે છે. ચીફ જસ્ટિસે કહ્યું કે, મફતના કારણે રાજ્યને નાદારી તરફ ધકેલવામાં આવે તેવી સ્થિતિ સર્જાઈ શકે છે. તેમણે કહ્યું કે, આવી મફત જાહેરાતોનો ઉપયોગ પાર્ટીની લોકપ્રિયતા વધારવા માટે કરવામાં આવે છે. તે રાજ્યને વાસ્તવિક પગલાં લેવાથી વંચિત રાખે છે.આ મામલાની છેલ્લી સુનાવણીમાં કોર્ટે સરકારને સર્વપક્ષીય બેઠક દ્વારા અભિપ્રાય બનાવવા માટે કહ્યું છે. ચૂંટણી પંચે એમ પણ કહ્યું કે, આ અંગેના નિયમો, કાયદા અને કાયદા બનાવવાનું કામ તેમનું નથી, પરંતુ સરકારનું છે. આ સાથે સરકારે કહ્યું કે, કાયદો બનાવવાની બાબત એટલી સરળ નથી. કેટલાક વિરોધ પક્ષો આ મફત જાહેરાતને બંધારણ દ્વારા આપવામાં આવેલા અભિવ્યક્તિના અધિકારના ભાગરૂપે માને છે.અશ્વિની ઉપાધ્યાય દ્વારા રેવડી કલ્ચર સામે દાખલ કરવામાં આવેલી અરજીમાં મતદારોને આકર્ષવા માટે રેવડી કલ્ચર નું વચન આપતા રાજકીય પક્ષો પર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી હતી. આ મામલામાં સુનાવણી દરમ્યાન ઝતેં એનવી રમનાએ કહ્યું હતું કે, લોકોનું ભલું કરવું એ સરકારની જવાબદારી છે. તેમણે કહ્યું હતું કે, મુદ્દો એ છે કે જનતાના પૈસાને યોગ્ય રીતે ખર્ચવાનો સાચો રસ્તો શું છે અને આ મામલો ખૂબ જ જટિલ છે. સવાલ એ પણ છે કે, શું કોર્ટ આ મુદ્દાઓની તપાસ કરવા સક્ષમ છે. ઝતેં રમણાએ કહ્યું હતું કે, દેશના કલ્યાણ માટે ફ્રીબીઝ એટલે કે રેવડીના વિતરણ મુદ્દે ચર્ચા જરૂરી છે. સીજેઆઈએ કહ્યું હતું કે, રાજકારણી દ્વારા મફતના રૂપમાં આપેલા વચન અને કલ્યાણ યોજના વચ્ચે તફાવત કરવાની જરૂર છે.

સુપ્રીમ કોર્ટે ચૂંટણીમાં મફત સુવિધાઓના વચનનો મામલો પુનર્વિચાર માટે મોકલી આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે એ વાતને નકારી શકાય નહીં કે ચૂંટણી (election) લોકશાહીમાં વાસ્તવિક શક્તિ મતદારો પાસે હોય છે. મતદારો પક્ષો અને ઉમેદવારો નક્કી કરે છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આ મુદ્દે નિષ્ણાત સમિતિની રચના કરવી યોગ્ય રહેશે. પરંતુ તે પહેલા ઘણા પ્રશ્નો પર વિચાર કરવાની જરૂર છે. ૨૦૧૩ના સુબ્રમણ્યમ બાલાજીના ચુકાદાની પણ સમીક્ષા કરવાની જરૂર છે. અમે આ મામલો ત્રણ જજોની વિશેષ બેંચને મોકલી રહ્યા છીએ. આ મામલે બે સપ્તાહ બાદ સુનાવણી થશે.

સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું કે સરકારે સર્વપક્ષીય બેઠક બોલાવવી જોઈએ અને ચર્ચા કરવી જોઈએ. આ માટે કમિટી બનાવવી સારું રહેશે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે કેટલાક પ્રશ્નો છે જેમ કે ન્યાયિક હસ્તક્ષેપનો અવકાશ શું છે? શું કોર્ટ કોઈપણ યોજનાનો અમલ કરવા માટે આદેશ આપી શકે છે? સમિતિની રચના શું હોવી જોઈએ? કેટલાક પક્ષનું કહેવું છે કે સુબ્રમણ્યમ બાલાજીના ૨૦૧૩ના નિર્ણય પર પણ પુનર્વિચાર કરવાની જરૂર છે.ચીફ જસ્ટિસે કહ્યું કે મફતના કારણે રાજ્યને નાદારી તરફ ધકેલવામાં આવે તેવી સ્થિતિ સર્જાઈ શકે છે. તેમણે કહ્યું કે આવી મફત જાહેરાતોનો ઉપયોગ પાર્ટીની લોકપ્રિયતા વધારવા માટે કરવામાં આવે છે. તે રાજ્યને વાસ્તવિક પગલાં લેવાથી વંચિત રાખે છે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે ચૂંટણી લોકશાહીમાં ઇલેક્ટોરલ કૉલેજ પાસે સાચી સત્તા છે.

મની લોન્ડરિંગના ગુનામાં કોઈપણ જાતની રાહત આપી ન શકાય : સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,તા.૨૬

મની લોન્ડરિંગના કાયદા પીએમએલએ હેઠળ ધરપકડ સહિત એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની શક્તિઓ જાળવી રાખવાના તેના ચૂકાદાની સમીક્ષા કરતી અરજી પર સુનાવણી કરવા માટે સુપ્રીમ કોર્ટ તૈયાર થઈ ગઈ છે. કૉંગ્રેસ નેતા પી. ચિદમ્બરમના પુત્ર કાર્તિ ચિદમ્બરમે પીએમએલએ હેઠળ ઈડીની શક્તિઓને પડકારતી કરેલી અરજી પર ગુરુવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ હતી. આ સાથે સુપ્રીમ કોર્ટે આ સંબંધમાં કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી છે. સુપ્રીમે કહ્યું પીએમએલએ કાયદો દેશ માટે ખૂબ જ જરૂરી છે.દેશના વિકાસમાં મની લોન્ડરિંગ સૌથી મોટા વિઘ્નો પૈકી એક છે. મોટાભાગનું કાળું નાણું હવાલા મારફત દેશમાં ઠલવાતું હોય છે. ત્યારે મની લોન્ડરિંગ અટકાવવું ખૂબ જ જરૂરી છે અને તેના માટે જ ઈડીનો અધિકારક્ષેત્ર વધારવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જો કે, હવે ઈડીનો અધિકારક્ષેત્ર વધતા તેનો ઉપયોગ રાજકીય પાવર તરીકે કરવામાં આવી રહ્યો હોય તેવા આક્ષેપો કરાઈ રહ્યા છે. ત્યારે હવે મની લોન્ડરિંગના કેસને વધુ મજબૂત બનાવવામાં આવે તે તરફ ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે તેવું સુપ્રીમે પણ નોંધ્યું છે. જો કેસના પુરાવા મજબૂત હશે તો આરોપી વિરુદ્ધનો ગુન્હો સાબિત કરવો પણ સસરળ બની જશે અને ઈડીની કાર્યવાહી પર આંગળી પણ ચીંધી શકાશે નહીં.મની લોન્ડરિંગ એક્ટ અંગે સુનાવણી કરતા મુખ્ય ન્યાયાધીશ એનવી રમણની આગેવાનીવાળી બેન્ચે કહ્યું કે અમારું માનવું છે કે પીએમએલએ ચૂકાદાના માત્ર બે મુદ્દાઓ પર પ્રથમદર્શી રીતે પુનર્વિચારણા કરવાની જરૂર છે. આ બે મુદ્દાઓમાં આરોપીને એન્ફોર્સમેન્ટ કેસ ઈન્ફર્મેશન રિપોર્ટ (ઈસીઆઈઆર)ની નકલ ન આપવી અને નિર્દોષ હોવાના અનુમાનને ઉલ્ટો કરવાનો સમાવેશ થાય છે.સુપ્રીમ કોર્ટની મુખ્ય ન્યાયાધીશ એનવી રમણ, ન્યાયાધીશ દિનેશ માહેશ્વરી અને ન્યાયાદીશ સીટી રવિકુમારની બેન્ચે કૉંગ્રેસ સાંસદ કાર્તિ ચિદમ્બરમની વિનંતીને સ્વીકારી લીધી હતી. આ અરજીમાં ચિદમ્બરમે પીએમએલએ હેઠળ ધરપકડ, તપાસ અને સંપત્તિની જપ્તીના સંબંધમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની શક્તિઓને જાળવી રાખવાના સુપ્રીમ કોર્ટના ગયા મહિને અપાયેલા ચૂકાદા પર પુનર્વિચાર કરવા માટે ખુલ્લી અદાલતમાં સુનાવણીની વિનંતી કરી હતી.

કૉંગ્રેસના વરિષ્ઠ નેતા ગુલામ નબી આઝાદે પાર્ટીના તમામ હોદ્દા પરથી રાજીનામા આપ્યા

નવીદિલ્હી,તા.૨૬

કૉંગ્રેસના વરિષ્ઠ નેતા ગુલામ નબી આઝાદે પાર્ટીના તમામ હોદ્દા પરથી રાજીનામું આપી દીધું છે. આઝાદે કૉંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધીને પાંચ પાનાનો રાજીનામું મોકલ્યું છે. જો કે, આ દરમિયાન એવી માહિતી સામે આવી રહી છે કે આઝાદ તેમની નવી રાજકીય પાર્ટી બનાવશે. જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ પ્રધાન અને કૉંગ્રેસના વરિષ્ઠ નેતા જીએમ સરોરીએ આઝાદ વિશે મોટું નિવેદન આપ્યું અને કહ્યું કે તેઓ ભાજપમાં જોડાશે નહીં, પરંતુ તેઓ ટૂંક સમયમાં પોતાની એક નવી રાજકીય પાર્ટી બનાવશે. તેમના ઘણા સમર્થકોએ રાજીનામું આપી દીધું છે.આઝાદ મોટા નેતા રહ્યા છે, તેમણે કૉંગ્રેસમાં પોતાના ૫૦ વર્ષ આપ્યા.હકીકતમાં કૉંગ્રેસને મોટો ઝટકો આપતા ગુલામ નબી આઝાદે પોતાના રાજીનામામાં કહ્યું છે કે તેમણે કૉંગ્રેસ સાથેના તમામ સંબંધો તોડી નાખ્યા છે. તાજેતરમાં તેમણે જમ્મુ અને કાશ્મીર પ્રચાર સમિતિના વડાનું પદ છોડી દીધું હતું.

ગુલામ નબી આઝાદે પોતાના રાજીનામાના પત્રમાં રાહુલ ગાંધી પર પાર્ટીને બરબાદ કરવા માટે દોષી ઠેરવતા આરોપ લગાવ્યો હતો કે અધ્યક્ષ પદ માટે તેઓ એવી વ્યક્તિને પસંદ કરશે જે માત્ર કઠપૂતળી બનીને રહે અને પડદા પાછળના તમામ નિર્ણયો પોતાની જાતે લેશે. આઝાદે આરોપ લગાવ્યો કે ૨૦૨૦માં પાર્ટીમાં સુધારાની માંગ કરનારા ૨૩ નેતાઓને કૉંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠકમાં દુર્વ્યવહાર, અપમાનિત અને બદનામ કરવામાં આવ્યા હતા.તેમના રાજીનામાના પત્રમાં તેમણે કહ્યું હતું કે, "કમનસીબે કૉંગ્રેસ પાર્ટીમાં સ્થિતિ એવી બની ગઈ છે કે હવે પાર્ટીનું નેતૃત્વ સંભાળવા માટે પ્રોક્સીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ પ્રયોગ ચોક્કસપણે નિષ્ફળ જશે. પાર્ટી આમ બરબાદ થઈ ગઈ છે." પરિસ્થિતિ હવે હાથમાંથી નીકળી ગઈ છે. આ ઉપરાંત, 'ચૂંટાયેલા પ્રમુખ' એક કઠપૂતળી સિવાય બીજું કંઈ નહીં હોય." તેમણે કહ્યું કે કૉંગ્રેસે રાષ્ટ્રીય સ્તરે બીજેપીને અને પ્રદેશ સ્તરે પ્રાદેશિક પક્ષોને સ્થાન આપ્યું છે.

રાજીનામા પત્રની મહત્વની વાતો જોઇએ તો ૧. ગુલામ નબી આઝાદે પોતાના રાજીનામા પત્રમાં રાહુલ ગાંધીને લઈને નારાજગી વ્યક્ત કરી છે. તેમણે લખ્યું છે કે રાહુલ પોતાની આજુબાજુ અનુભવહીન લોકોને રાખે છે અને વરિષ્ઠ નેતાઓને સાઈડલાઈન કરી દીધા. રાહુલ ગાંધી પર પહેલા પણ પાર્ટ ટાઈમ પોલિટિશિયન હોવાનો આરોપ લાગતો રહ્યો છે. આ અગાઉ હાર્દિક પટેલ અને હિમંત બિસ્વા સરમાએ પણ તેમના પર સમય ન આપવાનો આરોપ લગાવ્યો હતો. ૨. ગુલામ નબી આઝાદે સોનિયા ગાંધીને લખ્યું છે કે અખિલ ભારતીય કૉંગ્રેસ ચલાવનારી રાષ્ટ્રીય કાર્યસમિતિએ ઈચ્છાશક્તિ અને ક્ષમતા ગુમાવી દીધી છે. ૩. કૉંગ્રેસે 'ભારત જોડો યાત્રા' શરૂ કરી છે તેને લઈને આઝાદે કહ્યું કે 'ભારત જોડો યાત્રા' શરૂ કરતા પહેલા પાર્ટી નેતૃત્વએ 'કૉંગ્રેસ જોડો યાત્રા' શરૂ કરવી જોઈતી હતી. ૪. દુર્ભાગ્યથી રાહુલ ગાંધીના રાજકારણમાં આવ્યા બાદ જ્યારે તેમને પાર્ટીના ઉપાધ્યક્ષ બનાવવામાં આવ્યા ત્યારે કૉંગ્રેસના કાર્ય કરવાની રીતભાતને ખતમ કરી દીધી. તેમણે સંપર્ક સલાહકાર તંત્રને ધ્વસ્ત કરી દીધુ. આ સાથે જ રાહુલ ગાંધીનો પ્રધાનમંત્રી દ્વારા બહાર પડાયેલો અધ્યાદેશ ફાડવો તેમની અપરિપકવતા દર્શાવે છે. જેનાથી ૨૦૧૪માં હારનો સામનો કરવો પડ્યો. ૫. ગુલામ નબી આઝાદે કૉંગ્રેસ અધ્યક્ષ પદની ચૂંટણી ન કરાવવા અંગે પણ ગાંધી પરિવાર પર નિશાન સાધ્યું છે. તેમણે પોતાના પત્રમાં લખ્યું કે સંગઠનમાં કોઈ પણ સ્તરે ક્યાંય પણ ચૂંટણી થઈ નથી. ૬. આ સાથે જ આઝાદે પોપતા પત્રમાં જી-૨૩ વિશે પણ લખ્યું છે. તેમણે લખ્યું છે કે જી-૨૩ના નેતાઓએ કૉંગ્રેસની નબળાઈઓ ગણાવી તો તે તમામ નેતાઓને અપમાનિત કરવામાં આવ્યા.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને તેમજ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ અને કેન્દ્રીય રેલ અને ટેક્સટાઈલ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશની વિશેષ ઉપસ્થિતિમાં સુરત ખાતે 'વાઈબ્રન્ટ વિવર્સ એક્સ્પો ૨૦૨૨'નો ઉદ્ઘાટન સમારોહ યોજાયો.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતના મુખ્યમંત્રીકાળ દરમિયાન તેમના દુરંદેશી નેતૃત્વ હેઠળ ગુજરાતમાં વિકાસના મજબૂત પાયા નાખવાના પરિણામસ્વરૂપ ગુજરાત દેશનું ગ્રોથ એન્જીન બન્યું છે:-શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને તેમજ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર. પાટીલ સાહેબ અને કેન્દ્રીય રેલ અને ટેક્સટાઈલ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશની વિશેષ ઉપસ્થિતિમાં સુરત ખાતે વાઈબ્રન્ટ વિવર્સ એક્સ્પો ૨૦૨૨નો ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો.

આ પ્રસંગે સંબોધન કરતા રાજ્યના પ્રજાવત્સલ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ગુજરાતના મુખ્યમંત્રીકાળ દરમિયાન તેમના દુરંદેશી નેતૃત્વ હેઠળ ગુજરાતમાં વિકાસના મજબૂત પાયા નાખવાના પરિણામસ્વરૂપ ગુજરાત દેશનું ગ્રોથ એન્જીન બન્યું છે. આજે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ દેશભરમાં થઈ રહેલી વિકાસની રાજનીતિથી દેશ-દુનિયામાં ભારતનો ડંકો વાગી રહ્યો છે તેનો ગર્વ છે. ગુજરાતના મુખ્યમંત્રીકાળમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ છેવાડાના માનવીને મુખ્ય પ્રવાહમાં લાવવાની નેમ સાથે વિકાસની રાજનીતિ કરી છે અને તેને આજે રાજ્યની સરકાર આગળ વધારી રહી છે. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે નેટવર્કિંગ, આઈડિયા ક્રિએશન અને બેસ્ટ પ્રેક્ટિસિંગને પ્રોત્સાહન આપવા માટે વાઈબ્રન્ટ વિવર્સ એક્સ્પો ૨૦૨૨નું આયોજન કરવા બદલ આયોજકોને અભિનંદ પાઠવ્યા હતા. શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં આયોજનબદ્ધ રીતે ઉદ્યોગોને વિકસાવવા માટે રાજ્યની ભાજપ સરકાર દ્વારા છેલ્લા ૨૦ વર્ષમાં ગુજરાતમાં પાયાની જરુરીયાત જેવી કે વીજળી, રોડ-રસ્તા, પાણી સહિતની વ્યવસ્થા તમામ જિલ્લા-તાલુકા-વિવિધ ક્ષેત્રોમાં પહોંચાડાઈ છે. આજે ગુજરાતે ધંધા-રોજગાર ક્ષેત્રે હરણફાળ ભરી છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વાયબ્રન્ટ ગુજરાત થકી રાજ્યના વિકાસ માટે ગ્લોબલ પ્લેટફોર્મ આપ્યુ છે. રાજ્ય સરકારની નીતિ હંમેશાથી વેપાર-ઉદ્યોગોને પ્રોત્સાહન આપતી રહી છે અને આગળ પણ રહેશે. આજે દેશની કુલ નિકાસમાં ગુજરાતનું ૧૨% યોગદાન છે, મેનેમડ ક્લોથ તેમજ મેનમેડ ફાઈબરના દેશના કુલ ઉત્પાદનનું ૩૮% ઉત્પાદન ગુજરાતમાં થાય છે. સુરત પોલીએસ્ટર કાપડના ઉત્પાદનમાં સમગ્ર દેશમાં અગ્રેસર છે. ગુજરાતના છેલ્લા બે દાયકાનો વિકાસ અભૂતપૂર્વ છે. ૨૦ વર્ષ પહેલાં રાજ્યમાં ૨.૭૪ લાખ લઘુ-સૂક્ષ્મ ઉદ્યોગો હતા જે આજે ૮.૬૬ લાખ છે. ઔદ્યોગિક ઉત્પાદન ૨.૨૭ લાખ કરોડ રૂપિયા હતું જે આજે ૧૬.૧૯ લાખ કરોડ રૂપિયા છે.

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, આજે દેશમા પ્રત્યેક નાગરિકની ચિંતા કરતી સરકાર છે. કોરોના મહામારીના સમયમાં જ્યારે વિશ્વના મોટા વિકસિત દેશોએ પ્રજાને પોતાના હાલે છોડી દીધી હતી ત્યારે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સતત બે વર્ષથી ગરીબોને વિનામૂલ્યે અનાજ આપી કોઈ ભૂખ્યું ન સુવે તેની ચિંતા કરી છે, વિશ્વનું સૌથી મોટું વિનામૂલ્યે રસીકરણ ભારતે કર્યુ છે.

આ પ્રસંગે સંબોધન કરતા ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે જણાવ્યું હતું કે, સુરતના સાહસિક યુવાનોએ ટેક્સટાઈલ અને ડાયમંડ ઈન્ડસ્ટ્રી પોતાની મૌલિકતા સાથે આગળ વધારી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારથી આ જ સુધી સરકાર ઉદ્યમીઓને વિવિધ મુશ્કેલીઓમાં મદદ કરવાની ભાવના સાથે ચાલી છે. અનેક ઉદ્યમીઓએ પોતાના ધંધાને વિકસાવવા માટે, આગળ લઈ જવા માટે, સ્પર્ધાના વાતાવરણમાં ટકાવવાના સફળ પ્રયત્નો સાથે પોતાના ઉદ્યોગનો વિકાસ કર્યો છે, ખૂબ મોટી સંખ્યામાં લોકોને રોજગારી આપી છે તે બદલ હું સૌને અભિનંદન પાઠવું છું. આગામી સમયમાં નવસારી પાસે દાંડી ખાતે ટેક્સટાઈલ પાર્ક બનવા જઈ રહ્યો છે તેનાથી વિકાસના નવા આયામો સર્જાશે તે નિશ્ચિત છે. ટેક્સટાઈલ ક્ષેત્રે આજે સુરતની સાથે સ્પર્ધામાં આવી શકે એમ કોઈ નથી. સુરતના ઉદ્યોગકારોએ અનેક નવા પ્રયોગો થી આગળ વધી ટેક્સટાઈલ ક્ષેત્રે અભૂતપૂર્વ વિકાસ કર્યો છે. આજે ઉદ્ઘાટન થયેલા એક્ઝિબિશનથી દેશભરના અનેક વેપારીઓ સુરતમાં આવશે વિકાસ જોશે અને પોતાના વેપાર-ધંધા નો વિસ્તાર કરશે. શ્રી સી.આર.પાટીલ સાહેબે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના આહવાનથી દેશભરમાં યોજાયેલા હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત આયોજીત કાર્યક્રમમાં સુરતની ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીના ૩૦,૦૦૦થી વધુ વેપારીઓને જોડાવા બદલ અભિનંદન પાઠ્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજ્યમાં વેપાર ઉદ્યોગ ક્ષેત્રે ઉદ્યોમ્યોને સહયોગ માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી તેમજ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર હંમેશા તત્પર છે. શ્રી સી.આર.પાટીલ સાહેબે જણાવ્યું હતું કે, બહારથી ગુજરાતમાં આવીને ખમીરવંતા ગુજરાતીઓને મફતની રાજનીતિ અને રોજગારીના ઠાલા વચનોની લ્હાણી કરનારા સમજી જાય કે આજે દેશમાં સૌથી વધારે રોજગારી ગુજરાત આપે છે. ગુજરાતની વિશિષ્ટતા છે, ગુજરાતી હાથ લાંબો કરે તો આપવા માટે કરે છે, કાંઈ લેવા માટે નહીં. વચન આપવામાં ક્યાં કાઈ જાય છે, જૂઠ બોલવું તો વધારે બોલવુ ની માનસિકતા ધરાવનારા, જેમનું કામ 'ધોયા સો રોયા' જેવું છે તે આજે ગુજરાતીઓને મૂર્ખ બનવવાના પ્રયાસ કરી રહ્યા છે. વાઈબ્રન્ટ વિવર્સ એક્સ્પો ૨૦૨૨ના ઉદ્ઘાટન સમારોહમાં કેન્દ્રીય રેલ અને ટેક્સટાઈલ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આજના આ કાર્યક્રમમાં રાજ્ય સરકારના મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી ધારાસભ્યશ્રીઓ શ્રી વિવેકભાઈ પટેલ, શ્રી પ્રવીણભાઈ ઘોઘારી, શ્રી અરવિંદભાઈ રાણા તેમજ શ્રી અશોકભાઈ જીરાવાલા, વાઈબ્રન્ટ વિવર્સ એક્સપોના ચેરમેનશ્રી આકાશ ભાલાણી, આમંત્રિત મહેમાનશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં ટેક્સટાઈલ ઉદ્યોગ સાથે જોડાયેલા ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે

તંત્રી સ્થાનેથી...

વધતી છાપામારી

ભ્રષ્ટાચાર વિરુદ્ધ ઈડી, સીબીઆઈ અને આવકવેરા વિભાગની કેટલાય ઠેકાણાં પર છાપામારી એ દર્શાવે છે કે કેન્દ્રીય એજન્સીઓનો મનમાફક ઉપયોગ કરવાના વિપક્ષના તમામ આરોપો છતાં આ એજન્સીઓની સક્રિયતા અટકવાની નથી. વિપક્ષી દળો કેન્દ્રીય એજન્સીઓની છાપામારી પર ગમે તે કહે, જનતા તેની અવગણના ન કરી શકે કે રાંચીમાં નેતાઓના નજીકના મનાતા એક વ્યક્તિને ત્યાં બે એકે-૪૭ રાઈફલો મળી આવી. આ જ પ્રકારે થોડા દિવસ પહેલાં બંગાળના એક મંત્રીની મહિલા મિત્રને ત્યાંથી અખૂટ સંપત્તિ મળી આવી હતી. એવામાં તપાસ એજન્સીઓએ સક્રિય રહેવું જ જોઈએ, પરંતુ તેમની સક્રિયતા સાથે ભ્રષ્ટાચારના કેસોનો નિકાલ પણ વહેલી તકે કરવાની કોઈ વ્યવસ્થા બનવી જોઈએ. તેનો કોઈ અર્થ નહીં કે છાપામારી બાદ તપાસ અને સુનાવણીનો સિલસિલો વર્ષો સુધી ચાલતો રહે. જોકે હાલમાં એવું જ થઈ રહ્યું છે, તેથી જ વિપક્ષને એમ કહેવાનો મોકો મળી રહ્યો છે કે રાજકીય બદલાની ભાવનાથી કામ કરવામાં આવી રહ્યું છે. ભ્રષ્ટાચાર સાથે જોડાયેલા કેટલાય કેસો એવા છે, જેની તપાસ વર્ષોથી ચાલુ છે. થોડા કેસો જ એવા છે, જેમાં ભ્રષ્ટાચારના આરોપોથી ઘેરાયેલા લોકોને સજા થઈ શકી છે. સામાન્ય રીતે આ સજા પણ નીચલી અદાલતો દ્વારા જ સંભળાવવામાં આવી છે. એને કારણે દોષીત ગણાવાયેલા લોકો એમ દલીલ કરવા લાગે છે કે તેમના કેસનો અંતિમ નિકાલ થવો હજુ બાકી છે અને તેમને એનો ભરોસો છે કે ઊંચી અદાલતો તેમના પક્ષમાં ચુકાદો આપશે.

જેટલું જરૂરી એ છે કે નેતાઓ અને અધિકારીઓ સાથે જોડાયેલા ભ્રષ્ટાચારના કેસોની તપાસ પ્રાથમિકતાના આધાર પર એક નક્કી સીમામાં હોય, એટલું જ એ પણ કે નીચલી અદાલતોના ચુકાદાને પડકારતી અરજીઓના નિકાલમાં ઉચ્ચતર અદાલતો પણ તત્પરતા દાખવે. જ્યાં સુધી એવું નહીં થાય ત્યાં સુધી ભ્રષ્ટ નેતાઓ અને અધિકારીઓને હતોત્સાહિત ન કરી શકાય. જો કોઈ મામલે અંતિમ રીતે ચુકાદો આવવામાં જરૂરિયાત કરતાં વધારે વિલંબ થાય છે તો તેનો ના તો સમાજ પર અપેક્ષિત પ્રભાવ પડે છે અને ના ભ્રષ્ટ તત્ત્વોને એ સંદેશ જાય છે કે જો તેઓ ખોટું કામ કરશે તો બચશે નહીં. શું આ સામાન્ય નથી કે બિહારના ચર્ચિત ચારા કૌભાંડ સાથે જોડાયેલા કેસોનો નિકાલ હજુ સુધી ઉચ્ચતર અદાલતોમાંથી થઈ શક્યો નથી? એ જ રીતે કોઈ નથી જાણતું કે ટુજી કૌભાંડને લઈને સીબીઆઈની વિશેષ અદાલતના ચુકાદાનો નિકાલ ઉચ્ચતર અદાલતો ક્યારે કરશે? નેતાઓ અને અધિકારીઓના ભ્રષ્ટાચાર પર લગામ લગાવવા માટે એ પણ જરૂરી છે કે વ્યવસ્થાના એ છીંડાંને પણ બંધ કરવામાં આવે, જેનો સહારો લઈને કૌભાંડો આચરવામાં આવે છે.

ઘુશ્મેશ્વર જ્યોતિર્લિંગની કથા

'જ્યોતિર્લિંગ' એ સર્વોચ્ચ ભિન્ન ન કરી શકાય એવું સત્ય માનવામાં આવે છે જેમાં ભગવાન શિવનો અંશ રહેલો હોય છે.આ બાર જ્યોતિર્લિંગ એવા સ્થળો છે જ્યાં ભગવાન શંકર દિવ્ય જ્યોતિ સ્વરૂપે પ્રગટ થયા હતાં.ઘુશ્મેશ્વર ભગવાન શિવના જ્યોતિર્લિંગમાંનું બારમું જ્યોતિર્લિંગ છે.આ મંદિર મહારાષ્ટના ઔરંગાબાદ નજીક આવેલા દૌલતાબાદથી ૧૧ કિમી દૂર અવેલું છે.આ મંદિર વિશ્વ પ્રસિદ્ધ ઈલોરાની ગુફાઓ નજીક આવેલું છે.

ઘુશ્મેશ્વર મંદિરનું પુનઃનિર્માણ ૧૬મી સદીમાં વેરૂળના માલોજી રાજે ભોંસલે (શિવાજીના દાદાજી)દ્વારા કરવામાં આવ્યું હતું ત્યાર બાદ ૧૮મી સદીમાં અહિલ્યાબાઈ હોળકર દ્વારા તેનું પુનઃનિર્માણ કરાયું.જીવનમાં એકાંતિક જ્ઞાન મુક્તિ આપતું નથી અને એકાંતિક ભોગ પણ યોગ્ય નથી તેથી આ બંન્નેનો સમન્વય જરૂરી છે.ભગવાન શ્રીકૃષ્ણએ ત્યાગ અને ભોગનો સમન્વય પોતાના અવતારકાળમાં કરી બતાવ્યો છે.ફક્ત ભોગ અધઃપતનના માર્ગે લઈ જાય છે અને ફક્ત વિરક્તના વિચારો માનવીને શુષ્ક બનાવે છે.આ બંન્નેનો સમન્વય થયો તે સ્થળ એટલે ઘુશ્મેશ્વર..

સુશર્મા નામનો સુખી સંપન્ન જ્યોતિષ શાસ્ત્રનો વિદ્વાન બ્રાહ્મણ પોતાની પતિ પરાયણા સુંદર પત્ની સુદેહા સાથે રહેતો હતો.સુશર્મા અને સુદેહા સાધનસંપન્ન હતા પરંતુ તેમને સંતાન ન હોવાથી લોકોના વ્યંગ્ય બાણો અને અપમાન સહન કરવાં પડતાં હતાં.એકવાર પતિ પત્ની સાથે બેઠા હતા ત્યારે સુદેહા કહે છે કે તમે બધાનું ભાગ્ય જુઓ છો તો આપણે સંતાન સુખ છે કે નહી તે તો જુઓ.સુદેહાનું માતાનું હૃદય સંતાન સુખ ઈચ્છતું હતું.

સુશર્માએ કુંડલી જોઈને કહ્યું તારા ભાગ્યમાં સંતાન સુખ નથી પરંતુ સુદેહાને સંતાન સુખની ભૂખ હતી. એક દિવસ આત્મઘાતની ધમકી આપીને સુદેહાએ પોતાના પતિને બીજા લગ્ન કરવા માટે રાજી કરી લીધા. સુદેહાએ પોતાની સુંદર નાની બહેન ઘુશ્માને બોલાવીને તેનો વિવાહ સુશર્મા સાથે કરાવ્યો.ઘુશ્મા રોજ ભગવાન શિવજીનું પાર્થિવ લિંગ બનાવી પૂજા કરી તળાવમાં વિસર્જન કરતી.

આનંદમાં સમય પસાર થતા ઘુશ્મા પુત્રવતી થઈ પણ વિધિની ગતિ અકળ છે.ઘણી આશા અને અરમાન સાથે સુદેહાએ પોતાના પતિને પરણાવ્યો.કોઈપણ સ્ત્રી આટલી ઉદાર ના થઈ શકે છતાં હંમેશાં હસતી અને શોક્યને પ્રેમ આપતી.બાળક મોટું થતાં સુદેહા તેને જમાડવા સાથે બેસાડે ત્યારે બાળક તેના હાથનું જમે નહી, લાડ કરવા જાય તો બાળક તિરસ્કાર કરે..કોન જાણે કયા ભવનું વૈર લેતું હશે આ બાળક.તેથી સુદેહાનું દિલ ભાંગી ગયું.સમય અને સંજોગો બદલાતા માનવીના ગુણો પણ બદલાઈ જાય છે.ભાગ્યા મન ફરીથી સંધાતા નથી તેથી આપણે ખુબ અગમચેતી રાખી જીવન વ્યવહાર કરવો જોઈએ.ઉદાસ સુદેહાનો સદગુણો ઉપરથી વિશ્વાસ ઉઠી ગયો.ભગવાન ઉપરની શ્રદ્ધા પણ ગુમાવી દીધી.સમય જતાં છોકરો મોટો થયો અને તેના લગ્ન લેવાયાં.પરણવા જતી વખતે ઘુશ્માએ કહ્યું કે બેટા..પહેલાં સુદેહાને પ્રણામ કર.આ જગતમાં તૂં આવ્યો છે તેનું કારણ સુદેહા છે પરંતુ સુદેહા માટે પૂર્વજન્મનો અત્યંત તિરસ્કાર લઈ આવેલા આ છોકરાએ સુદેહાનું અપમાન કર્યું અને તે જ ઘડીથી સુદેહામાં રહેલી થોડીઘણી સાત્વિકત્તા પણ મરી પરવારી.આસુરી વિચારોએ તેના મન ઉપર કબજો જમાવ્યો.સુદેહા વિચારે છે કે જે સુખ માટે મેં આ બધુ કર્યું તેનું આ પરીણામ..! હું પણ જોઉં છું કે તે હવે સુખથી કેમ રહે છે? જેના માટે મેં જીવનનું સર્વસ્વ આપી દીધું, મારૂં સુખ ન્યોછાવર કર્યું તેને મારી કોઈ કિંમત નથી તો પછી હું શા માટે તેને જગતમાં રહેવા દઉં?

ઘુશ્મા રોજ સુદેહાને સમજાવતી હતી કે બહેન..તૂં તો મહાન છે.તારૂં મન ભગવાન જેવું છે.થોડી ધીરજ રાખો.ભગવાન સૌ સારૂં કરશે.ત્યારે સુદેહા સ્પષ્ટ કહેતી કે હવે મને ભગવાન સાથે કોઈ નિસ્બત નથી,મને તારા પૂજનમાં રસ નથી.ઘુશ્મા કહે છે કે બહેન તૂં તો મહાન છે.તારૂં મન ભગવાન જેવું છે તારા મોઢે ભગવાન વિશે ખરાબ શબ્દો શોભતા નથી.ખુબ પ્રેમથી,શાંતિથી તેને ભગવાન તરફ વાળવા પ્રયત્નો કર્યા પરંતુ કામનાગ્રસ્ત બુદ્ધિના લીધે તેનો ક્રોધ વધતો ગયો.એક રાત્રે સુદેહા છોકરાને મારી નાખવાના હેતુથી તેના પલંગ પાસે જાય છે,તે સમયે તેનું મન દ્વિધામાં પડ્યું.તેને થયું કે હું આ બાળકને શા માટે મારી નાખું? તરત જ બીજું મન કહેતું કે આ બાળકે મારા સુખ-ચૈન હરી લીધા છે,તેણે મારી જીવન ઉપરની અને ભગવાન ઉપરની શ્રદ્ધા ઉડાડી છે.મારા સદગુણો અને વાત્સલ્યને ઠુકરાવ્યું છે તેથી તેને મારી જ નાખવો જોઈએ,પાછું તેનું અંતરમન કહેતું કે આવું ખતરનાક કામ ના કરતી,તારો પતિ પૂત્રહીન થશે અને તારા જીવનનું સ્વપ્ન નષ્ટ થશે.

આવેશમાં આવેલી સુદેહાએ છોકરાને મારીને તેની લાશ પાસેના તળાવમાં કે જ્યાં ઘુશ્મા રોજ શિવલિંગ વિસર્જન કરતી હતી તેમાં ફેંકી દીધી.થોડાક સમય માટે તેને હર્ષ થયો કે પોતાની નજર સામેથી પાપ ગયું પરંતુ તેને ક્યાં ખબર હતી કે હજાર આંખોવાળો પરમાત્મા આ બધું જોતો હતો.સવારે પૂત્રવધુએ પતિના પલંગમાં લોહીનું ખાબોચિયું જોયું તો ભયભીત થઈને તેને ચીસ પાડી.આખા ગામમાં આક્રંદ ફેલાયો તમામ લોકોએ શોક વ્યક્ત કર્યો.

ઘુશ્મા ભગવાન શિવજીની પૂજા કરતી હતી.કોઈકે જઈને ઘુશ્માને સમાચાર આપ્યા કે તારો દિકરો મરી ગયો છે.વાસ્તવમાં પોતાનો દિકરો મરી ગયો છે તે જાણીને કોઈપણ માં આકુળવ્યાકુળ થાય પરંતુ ઘુશ્મા ભાવસ્થાનમાં હતી.તેણે કહ્યું કે મારૂં મન ચંદ્રમૌલિશ્વર પાસે પ્રસન્ન છે,શાંતિ અનુભવે છે તેથી મને કોઈ ખલેલ ના પહોંચાડશો.કોણ અને કોનો છોકરો મરી ગયો તે મારે સાંભળવું નથી-આમ કહી તે પૂજા કરતી રહી.લોકોને લાગ્યું કે તેની પાસે માં નું દિલ નથી,તે ગાંડી થઈ ગઈ છે.હંમેશાં જગતનો નિયમ છે કે તે

ડાહ્યાને ગાંડો કહે છે.જાણે કંઈ બન્યું જ નથી તે ભાવથી રોજની જેમ ઘુશ્મા શિવલિંગ લઈને તે તળાવ તરફ ચાલવા લાગી.સુદેહા સહિત સમગ્ર ગામલોકો પણ તેની સાથે ચાલવા લાગ્યા.તળાવ પાસે આવીને ઘુશ્મા કહેવા લાગી કે હે ભગવાન..તમારો મારી ઉપર પ્રેમ હોય તો આ લોકોને સમજાવો કે મારી શાંતિનો ભંગ ના કરે.

ભગવાન ચંદ્રમૌલિશ્વરને લાગ્યું કે આવું દુઃખ હોવા છતાં મારા ઉપર આવો અવિચળ ભાવ..! ભગવાન પ્રસન્ન થયા અને કહ્યું કે ન મે ભક્ત પ્રણશ્યતિ.. તારો છોકરો મરી શકે નહી,તૂં એકવાર તેને હાંક માર,તારો છોકરો તને મળશે.ઘુશ્માએ હાંક મારી અને તળાવમાંથી છોકરો દોડતો દોડતો બહાર આવ્યો.ભગવાને આવેશમાં કહ્યું કે તમે બંન્ને બહેનો સાત્વિક છો.સુદેહાએ જીવનનો મોટાભાગનો સમય સાત્વિકતામાં પસાર કર્યો છે પરંતુ થોડીક આપત્તિ આવતાં તે ઈશ્વર વિરોધી થઈ ગઈ.તેણે ચાંડાલ જેવું કાર્ય કર્યું છે એટલે તેને મૃત્યુની સજા મળશે.ઘુશ્માએ ભગવાન શિવની સ્તુતિ વંદના કરી અને સુદેહાને દંડિત ન કરવાની પ્રાર્થના કરી કે મારી બહેને કોઈ ખરાબ કામ કર્યું નથી.આવી બહેન મળવી દુર્લભ છે.પ્રભુ તમે પ્રસન્ન થાવ.તમારા દર્શન થાય તેવી સ્થિતિ સુદેહાએ જ નિર્માણ કરી છે.કદાચ તેના હાથે અઘટીત થયું હોય,પાપ થયું હોય તો ભગવાન આપ તો પતિતપાવન છો.ગુસ્સે થવું હોય તો મારા ઉપર થાવ.મારો પૂત્ર પાછો આપવો ના હોય તો ના આપતા પણ મારી બહેનને મૃત્યુદંડ ના આપશો.જેને આવું ઉચ્ચ જીવન-ભવ્ય જીવન જીવી મને જીવતા શિખવાડ્યું તે મારી બહેનનો ઉદ્ધાર કરો.સુદેહાનો ભગવાને ઉદ્ધાર કર્યો.ઘુશ્માએ અત્યન્ત વિનીત શબ્દોમાં શિવજીની વિનંતી કરી કે જો આપ પ્રસન્ન થયા હો તો સંસારની રક્ષા માટે હંમેશને માટે અહીં જ નિવાસ કરો.ભગવાન શિવે ઘુશ્માની પ્રાર્થના સ્વીકારી અને જ્યોતિર્મય લિંગના રૂપમાં ત્યાં જ સ્થિત થઈ ગયા તે ઘુશ્મેશં જ્યોર્તિલિંગ.

શિવ ભક્ત સતી ઘુશ્માની આરાધનાને કારણે સદાશિવ અહીં પ્રગટ થયા હોવાથી ઘુશ્મેશ્વર મહાદેવ તરીકે પ્રખ્યાત થયા.આપણે બધા જીવનમાં સંઘર્ષ કરીને આગળ વધીએ છીએ,ઉન્નત બનીએ છીએ પરંતુ મનને પ્રતિકૂળ પરિસ્થિતિ આવતાં જ લપસી પડીએ છીએ આવા સમયે ઘુશ્મેશ્વર જ્યોર્તિલિંગ આપણને આશ્વાસન આપે છે.

વિનોદભાઈ માછી
નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

પ્રધાનમંત્રીશ્રીના કાર્યક્રમ અન્વયે ૨૭ ઓગષ્ટ, રિવરફ્રન્ટના અમુક હિસ્સામાં વાહનોની અવર-જવર પર પ્રતિબંધ માટે શહેર પોલીસ કમિશ્નરનું જાહેરનામું

૨૭, ઓગષ્ટ ૨૦૨૨ના રોજ વિવિધ પ્રકલ્પોના ઉદ્ઘાટન, લોકાર્પણ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અમદાવાદની મુલાકાત લેવાના છે. સાબરમતીના પશ્ચિમ બાજુના રિવરફ્રન્ટ પર ૭૫૦૦ ચરખા કતાઈ કાર્યક્રમ સહિત મુખ્ય સમારોહ યોજાનાર છે. ત્યારે ફ્રૈં/ફ્રૈં તથા આમંત્રિતોના વાહનોની અવરજવરને કારણે જાહેર જનતાને અસુવિધા ન પડે તે હેતુથી અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સંજય શ્રીવાસ્તવ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

પોલીસ કમિશ્નરના જાહેરનામા અનુસાર તા. ૨૭/૦૮/૨૦૨૨, શનિવારની બપોરે ૨ વાગ્યાથી કાર્યક્રમ પૂર્ણ થવા સુધી વાડજ સ્મશાનગૃહ કટથી શરૂ થતો પશ્ચિમનો સરદાર બ્રિજ સુધીનો રિવરફ્રન્ટ જતા-આવતા રસ્તા પર સામાન્ય નાગરિકો માટે પ્રવેશબંધી રહેશે. આ રસ્તેથી પસાર થતા લોકોને અસુવિધા ન થાય તે માટે વાડજ સ્મશાનગૃહ કટથી વાડજ સર્કલથી ઉસ્માન પુરા ચાર રસ્તા, ત્યાંથી બાટા શો રૂમ ચાર રસ્તા, ત્યાંથી ડિલાઈટ ચાર રસ્તા થઈ ટાઉન હોલ ચાર રસ્તા, ત્યાંથી પાલડી ચાર રસ્તાથી મહાલક્ષ્મી પાંચ રસ્તા થઈને અંજલી ઓવરબ્રીજ મધ્યભાગ સુધીનો વૈકલ્પિક રૂટ પણ જાહેર કરવામાં આવ્યો છે.

ઉપરોક્ત જાહેરનામાને અવગણીને જો કોઈ વ્યક્તિ પ્રતિબંધિત વિસ્તારમાંથી વાહન લઈને પસાર થશે તો ભારતીય ફોજદારી કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ ગુનો દાખલ કરી સજાને પાત્ર બનશે તેવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેના માટે સંયુક્ત/ અધિક પોલીસ કમિશ્નરના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/ કર્મચારીઓને કાયદેસરની કાર્યવાહી કરવા માટે અધિકૃત જાહેર કરાયા છે.

મહારાષ્ટ્રથી જમ્મુ-કાશ્મીર સુધી ભૂકંપના આંચકા અનુભવાયા

મુંબઈ,તા.૨૬

મહારાષ્ટ્રથી લઈને જમ્મુ-કાશ્મીર સુધી ભૂકંપના આંચકા અનુભવાયા છે. મહારાષ્ટ્રમાં રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૩.૯ અને કાશ્મીરમાં ૩.૪ માપવામાં આવી હતી. જમ્મુ-કાશ્મીરમાં આજે વહેલી સવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. કટરાથી ૬૨ કિમી દૂર ઉત્તર-પૂર્વ-ઉત્તરમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી દ્વારા આ માહિતી આપવામાં આવી હતી.કોલ્હાપુરથી ૧૭૧ કિમી પૂર્વમાં મહારાષ્ટ્રમાં બપોરે ૨.૨૧ કલાકે ૩.૯ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ભૂકંપની અસર જમીનથી ૧૦ કિલોમીટર નીચે સુધી હતી. કાશ્મીરમાં સવારે ૩:૨૮ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા, જ્યાં ભૂકંપની ઊંડાઈ જમીનથી પાંચ કિલોમીટર નીચે હોવાનું જાણવા મળ્યું હતું. તે જ સમયે, અફઘાનિસ્તાનના કાબુલમાં બપોરે ૨:૫૫ વાગ્યે ૪.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. અહીં ભૂકંપની અસર જમીનની નીચે ૮૦ કિમીની ઊંડાઈએ હતી.

જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા ત્રણ દિવસમાં ૧૦ વખત ભૂકંપના આંચકા અનુભવાયા છે. બુધવારે રાત્રે પણ જમ્મુ-કાશ્મીરમાં એક કલાકમાં બે વાર ધરતી ધ્રૂજી. બુધવારે રાત્રે ખીણમાં પહેલો ભૂકંપ રાત્રે ૧૧:૦૪ કલાકે આવ્યો હતો, જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૨ હતી. બીજો ભૂકંપ રાત્રે ૧૧:૫૨ કલાકે ૪.૧ની તીવ્રતા સાથે આવ્યો હતો.મંગળવારે સાત વખત ભૂકંપ આવ્યો હતો. તેમાંથી ત્રણ ભૂકંપનું કેન્દ્ર ઉધમપુર, ત્રણ ડોડા અને એક કિશ્તવાડ હતું.

સોનાના વાયદાના ભાવમાં રૂ.૩૦૯ની નરમાઈ: ચાંદીમાં રૂ.૧૯નો સુધારો

કોટનનો વાયદો વધુ રૂ.૨૦ ઘટ્યો: ફૂડ તેલમાં વૃદ્ધિ: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ. ૮૫૫૨ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૪૪૨૦ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ. ૨૮ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૩૩,૮૦૬ સોદાઓમાં કુલ રૂ.૧૩,૦૦૦.૨૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૮૫૫૧.૫૯ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૪૪૨૦.૩૩ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૫૬,૦૩૨ સોદાઓમાં કુલ રૂ.૪,૪૫૩.૮૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૧,૬૩૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧,૬૮૫ અને નીચામાં રૂ.૫૧,૩૭૪ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૦૯ ઘટી રૂ.૫૧,૩૯૩ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૭ વધી રૂ.૪૧,૬૭૬ અને ગોલ્ડ-પેટલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૪ ઘટી રૂ.૫,૧૩૦ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧,૫૭૮ના ભાવે ખૂલી, રૂ.૨૭૨ ઘટી રૂ.૫૧,૩૫૬ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૫,૪૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૫,૫૯૫ અને નીચામાં રૂ.૫૫,૩૬૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૧૯ વધી રૂ.૫૫,૪૦૮ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ. ૩૪ ઘટી રૂ.૫૫,૭૬૦ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૩૬ વધી રૂ.૫૫,૮૧૮ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૧,૨૬૭ સોદાઓમાં રૂ.૧,૮૦૬.૧૭ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ઓગસ્ટ વાયદો ૧ કિલોદીઠ રૂ.૩.૫૫ વધી રૂ.૨૧૩.૯૫ અને જસત ઓગસ્ટ વાયદો રૂ.૨.૪૦ વધી રૂ.૩૨૦ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૪.૮૦ વધી રૂ.૬૮૦.૩૦ તેમ જ સીસું ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧.૭૦ વધી રૂ.૧૮૩ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૩,૧૮૬ સોદાઓમાં કુલ રૂ.૨,૨૫૭.૨૮ કરોડનો ધંધો થયો હતો. ફૂડ તેલ સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૭,૪૭૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૫૧૯ અને નીચામાં રૂ.૭,૪૨૩ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૨૯ વધી રૂ.૭,૪૯૯ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૨.૯૦ વધી રૂ.૭૫૮.૪૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૩૬૩ સોદાઓમાં રૂ.૩૪.૨૮ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ઓગસ્ટ વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૯,૦૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૯,૦૫૦ અને નીચામાં રૂ.૪૯,૦૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦ ઘટી રૂ.૪૯,૦૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫.૧૦ ઘટી રૂ.૯૫૮.૭૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૧૩૬.૧૩ કરોડનાં ૪,૧૪૧.૯૪૮ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૩૧૭.૭૩ કરોડનાં ૪૧૨.૬૮૪ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ફૂડ તેલના વાયદાઓમાં રૂ.૭૭૬.૧૩ કરોડનાં ૧૦,૩૮,૧૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૪૮૧ કરોડનાં ૧૯૪૭૮૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૨૬.૪૧ કરોડનાં ૬૬૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૭.૮૭ કરોડનાં ૮૧.૩૬ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૫૪૫.૨૬૪ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૧૪૪.૯૭૩ ટન, ફૂડ તેલમાં ૫૫૯૯૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૧૧૧૨૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૪૫૬૭૫ ગાંસડી, મેન્થા તેલમાં ૭૧૧.૭૨ ટનના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૨૮.૩૧ કરોડનાં ૪૦૦ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૧૪,૧૭૦ના સ્તરે ખૂલી, ૪૪ પોઈન્ટ ઘટી ૧૪,૧૩૨ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૪,૪૨૦.૩૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૮૦.૯૦ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૫.૯૫ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ફૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૩૬૨.૫૧ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૪૦.૨૪ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૧૪૭.૫૮ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ફૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૭,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૨૧ ખૂલી, ઊપરમાં રૂ.૩૬૬.૨૦ અને નીચામાં રૂ.૩૨૧ રહી, અંતે રૂ.૯.૯૦ વધી રૂ.૩૫૬.૧૦ થયો હતો. જ્યારે સોનું સપ્ટેમ્બર રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮૨ ખૂલી, ઊપરમાં રૂ.૫૧૮ અને નીચામાં રૂ.૪૧૦ રહી, અંતે રૂ.૧૦૩ ઘટી રૂ.૪૧૬ થયો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૫૫ ખૂલી, ઊપરમાં રૂ.૫૮ અને નીચામાં રૂ.૫૧.૨૦ રહી, અંતે રૂ.૪.૬૫ વધી રૂ.૫૨.૭૫ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૧૬ ખૂલી, ઊપરમાં રૂ.૪૮૭ અને નીચામાં રૂ.૪૦૦ રહી, અંતે રૂ.૪૮ ઘટી રૂ.૪૧૭.૫૦ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૧૯૫ ખૂલી, ઊપરમાં રૂ.૧,૧૯૫ અને નીચામાં રૂ.૧,૦૪૧ રહી, અંતે રૂ.૪.૫૦ વધી રૂ.૧,૦૯૬ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ફૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૭૬.૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૯૬.૫૦ અને નીચામાં રૂ.૧૭૩.૫૦ રહી, અંતે રૂ.૮.૪

આઝાદીની શતાબ્દીની ઉજવણીએ સિંગતેલના ભાવ કંઈ સપાટી સર કરશે??

અગાઉના વરસોમાં કોઈ મજબુત હરીફ ન હોવાના લીધે અને ઈજારાશાહી હોવાથી એમ્બેસેડર , સિંગતેલ અને ટેલિફોન ખાતાની બોલબોલા હતી. રાજકારણમાં પણ ટીના(ટીના મુનિમ નહીં.પણ ધેર ઈઝ નો એલ્ટરનેટીવ= ટીના) ફેક્ટર હતું. વરસો સુધી કોંગ્રેસનું આધિપત્ય હતું. એના નામે લાઈટના થાંભલાને ચૂંટણીમાં ઉભો રાખવામાં આવે તો થાંભલો પ્રચંડ બહુમતીએ ચૂંટાઈ આવતા હતા.સામેના ઉમેદવાર ડિપોઝીટ જમ કરાવવા કે હારવા માટેના રેકર્ડ બનાવવા ઊભા રહેતા હતા.

એ જમાનામાં ટેલિફોન ખાતામાં લાઈનમેનની નોકરી કરતા બાબુનો વટ ચીફ સર્કલ મેનેજર જેવો રહેતો.આજના મોબાઈલો જન્મ્યા ન હતા. પ્રિયદર્શીની નામે ઓળખાતા ઈંટના વજન કરતા વધુ વજનના કાળા કલરના ટેલિફોનના ડબલા ઘરના ડ્રોઈંગ રૂમમાં હોય તો પ્રેસ્ટિજ ગણાતી. આ ડબલામાં ૦ થી ૯ નંબરના આંકડા ઘુમાવવા ગોળ કાણાંમાં આંગળીઓ ઘુમાવવી પડતી. વારંવાર આંગળા ઘુમાવવાનો લીધે આંગળીઓ પર બામ ઘસવું પડતું.ગામમાં મહોલ્લામાં એકલદોકલ ફોન હોય. ઈનકમિંગ ફોન માટે માનો કે મિનિ ટેલિફોન એક્સચેન્જ ગણાય.

એ સમયે ઓપરેટર માનો કે સૂર્ય હોય એને બાકીના બધા તેના તારામંડળ અગર ગ્રહ હોય તેમ ઓપરેટરની આગળપાછળ ફરતા હતા. તે સમયે ગામમાં કોઈ સાથે વાત કરવી હોય તો ટેલિફોન એક્સચેન્જને વિનંતી કરવી પડતી. ધંધાર્થી કે વેપારીને ટોચ અગ્રતાના ધોરણે વાત કરવાની જરૂરિયાત થાય તો ટેલિફોન એક્સચેન્જમાં જઈ ઓપરેટરની હથેળી ગરમ કરો એટલે યમરાજ તો ગમે તેની જિંદગીની લાઈન ટુંકાવી ન શકે પણ ઓપરેટર ગમે તેની ચાલુ લાઈનનો છેડો બોર્ડમાંથી કાઢી બીજી લાઈનનો છેડો ભરાવીને વાતો કરાવી દે!!

એ સમયમાં બીજા સ્થળે વાત કરવા ટેલિફોનએક્સચેન્જમાં ટ્રંકકોલ નોંધાવવા પડતા. જનરલ, અર્જન્ટ અને લાઈટનિંગ એવા ટ્રંકકોલના પ્રકાર રહેતા. લાઈટનિંગ કોલ નોંધાવો એટલે હાયર ઓથોરિટીનુ નામ આપવું પડતું . એરા ગેરા નથ્થુ ગેરા-બાબુ લાઈટનિંગ કોલ બુક કરાવી શકતો નહીં!!

એમ્બેસેડર, ફિયાટ એમ વાહનોમાં બે ઓપ્શન રહેતા. એમ્બેસેડર હોય એ તો લાટ સાહેબ હોય. એમ્બેસેડર મજબુત, ખડતલ અને ડ્યુરેબલ કાર ગણાતી. મોટા ભાગના ચલચિત્રોમાં કારની બાકીના કાચ ખુલ્લા જોયા હશે. કારણ કદી વિચાર્યું નહીં હોય. કેમ કે, એ ખટારા ગાડીમાંતે સમયે એસીની ફેસિલીટી ન હતી. કાચ બંધ કરે તો ખમણની માફક બફાઈ જવાય!!! મારુતિ વગેર કારના મોડલ બજારમાં આવ્યા પછી મજાકમાં કહેવાતું કે ફરવું તો એમ્બેસેડરમા અને મરવું તો મારુતિમાં!!!

સિંગતેલ એ તેલોનો વજીર ગણાય. એ સમયે તલનું તેલ આરોગ્યના દ્રષ્ટિકોણથી શ્રેષ્ઠ ગણાતું. બધા લોકો તલનું તેલ અગર સિંગતેલ વાપરતા હતા. કપાસિયા તો ઢોરને ખવડાવવામાં આવતા.

બજાર સોયાબીન તેલ, પામોલીન, સરસિયુ, કપાસિયા તેલ, રાઈસ બ્રોસ્નન વગેરે કેટલાય પ્રકારના તેલોથી છલકાઈ ગયું. દરેક તેલ અન્ય તેલથી અલગ છે, હેલ્થ માટે ઉત્તમ છે, કોલસ્ટ્રોલ, કાર્બોહાઈડ્રેટ ઘટાડે છે તેવા દાવા કરે છે. અગાઉ કદડા જેવું ડખળું તેલ આવતું. પછી ફિલ્ટરોની ભરમાર ચાલુ થઈ . સિંગલ, ડબલ , માઈક્રો ફિલ્ટર સુધી ગાડી આવી છે.

સિંગતેલ રાજકારણ માટેનું શસ્ત્ર-અસ્ત્ર છે. સિંગતેલમાં પાંચ રૂપિયો જેવો ભાવ વધે કે ભાવ વધારા સામે થાળી વેલણ વગાડવા, ધરણા ધરવા, દેખાવો કરવા, પાણીમાં ભજિયા તળવા જેવા આશ્ચર્યજનક કાર્યક્રમો થતા. સિંગતેલને લીધે સરકારો ગબડી જતી કે સરકારના માથે માછલાં ધોવાતા. સરકારોએ રંગતેલમાં નફાનું બાંધવું, ભાવમાં બાંધણા, સ્ટોક બાંધણા વગેરે બાંધણા કર્યા પણ તેલના ભાવો રોકેટ ગતિએ વધતા રહ્યા.

હવે સિંગતેલનો વપરાશ ક્રમશઃ ઘટી રહ્યો છે અને રાજ્યની કુલ વસ્તીના ચાર ટકા સિંગતેલનો વપરાશ કરે છે તેવું નિર્લજ્જપણે કહેવાયું છે. સિંગતેલના તળવમાં ડૂબવાનું નથી એવું પણ કહેવામાં આવ્યું છે. ફ્રાન્સના રાજા લૂઈ ૧૬ માંની ખાઉધરી રાણી મેરી આંત્વાઈને પ્રજા પાસે ખાવાનું નથી તેવી રજૂઆત કરવા ગયેલ પ્રજાને રોટલી ન મળે તો કેક ખાવાની સુફિયાણી સલાહ આપી હતી, તેમ પ્રજાને ખાદ્યતેલની પેટર્ન બદલવા સલાહ આપવામાં આવે છે!!

સિંગતેલના વધતા ભાવો સૌ માટે શિરદર્દ બની રહ્યા છે. વાસ્તવમાં સિંહતેલના ભાવો નાસૂર બની ચૂભે છે.

પેટ્રોલના આવે સદી નોંધાવી, ડીઝલના ભાવે સદી નોંધાવી,ઘરેલું રાંધણ ગેલે હજારની મેજીકલ સપાટી મેળવી, કોમર્શિયલ સિલિન્ડરે અઢી હજાર પાર કર્યા, ડોલર સામે રૂપિયાએ ૮૦ આઝાદી બાદનો વિક્રમ નોંધાવ્યો, ડુંગળી, ટામેટા, તુવેરદાળ, લીંબુના ભાવમાં આગઝરતી તેજી નોધાવી તો સિંગતેલ કેવી રીતે ઝાલ્યું રહે? આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીને શાનદાર બનાવવા આઝાદ ભારતના ઈતિહાસમાં તેલનો ડબ્બો ત્રણ હજાર રૂપિયે પહોંચ્યો છે! હવે સાલી ચિંતા એ થાય છે કે આઝાદીની શતાબ્દીની ઉજવણીએ સિંગતેલના ભાવ કઈ સપાટી સર કરશે તેની ચિંતા પેઠી છે!!

ભરત વૈષ્ણવ
૨૬.૮.૨૦૨૨.

પરિણય

કાં કાં કાં કાં,
કરવાનું છોડી,
કાગ યુગલ ,
ટ્રી ગાર્ડ પર બિરાજયું છે.
લોખંડની જાળી પર ,
બંને જણ ચાંચ ઘસી,
ચાંચાસ્ત્ર સજાવે છે.
બંને વચ્ચે,
બોલકું મોન ઘૂઘવે.
કૌતુક કેવું છે?
માદા હોવા છતાં,
આયુધો હેઠા મુકી,
શરણાગતિ સ્વીકારી?
કાગડા કને,
વારેવારે માથું નમાવે છે!!
કાગડો કાગડીના,
માથાને ચાંચથી ચુમે છે.
ચાંચમાં ચાંચ નાંખી,
પ્રણયકેલિ કરે છે!!
કાગ દંપતિ,
જાહેર સ્થળે,
આવું સંવનન કરે,
એ કેટલું શોભાસ્પદ છે?
વેલેન્ટાઈનને દિવસે જ,
સક્રિય થતી સ્નેહ વિરોધી
સેનાઓ ક્યાં છે?
આપણા સંસ્કાર,
સંસ્કૃતિને બગાડતી,
કાગદંપતિ સામે
ધરણા, પ્રદર્શનો ૫૫૫,
આ લે.,, કાગદંપતિ
ટ્રી ગાર્ડ પરથી ઉડી
ગયું!!!

ભરત વૈષ્ણવ
૨૫.૮.૨૦૨૨.

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

NOG SS No/118
પ્રકાર : પદ્ય
વિષયઃઅવાજ અને પડછાયો
શીર્ષકઃ 'પડછાયાનું વળગણ'

છે તને બસ 'પડછાયા'નું વળગણ,
કે બસ 'જાત'ને પણ ભૂલી ગયો છે....!!
જઈ રહી છે ખૂબ ઝડપથી આ 'જિંદગી'....
ને તોય પેલી 'લાગણીની ક્ષણો'ને સાવ વીસરી ગયો છે તું....!!
આપી રહી છે 'સાદ' તને,
મારી 'મૌન'ની આ 'નિરાળી' દુનિયા...!!
સ્નેહથી સુગંધિત 'પ્રેમાળ' દુનિયા...!!
'અજવાળા' તરફ જતા હતા બસ,
'હું' ને 'તું'...
એકબીજાની સાથોસાથ.. !!
ને બસ સાવ અચાનક 'આમ'જ...
'અંધારા'માં ક્યાં ખોવાઈ ગયો છે તું...!!?????

અમદાવાદ -ચૈતાલી જોશી

NOG SS No : 73
પ્રકાર.. ગદ્ય
વિષય..પડછાયો,
શીર્ષક.,,પડછાયો.

માઈક્રોફિશન

આજે ઘણા વર્ષો પછી એટલે લગભગ ત્રણ દાયકા સમીર સાથે વિતાવ્યા પછી રાગીનીને સમીરના શબ્દો યાદ આવ્યાં લગ્ન પહેલા સમીરે કરેલી વાત યાદ આવી કે રાગીણી તું મારી જિંદગી છે,તું હંમેશા મારી સાથે ચાલજે હું જયા હોવ ત્યાં તું હશે,મારો પડછાયો,

બની સદાય મારી સાથે રેહજે અને રાગીણી એ કર્યું પણ એવુંજ એ એની પરછાય બનીને રહી,સુખમાં દુઃખમાં,

અને તકલીફમાં સદાય એની પડખે ઉભી રહી એનો પડછાયો બનીને,

તોય રાગીણી સતત એકલતા મહેસુસ કરવા લાગી ત્યારે એને એહસાસ થયો કે હું સાચેજ એનો પડછાયો છું સમીર સાથેતો ચાલેછે પણ રહદયના ભાવને ન જાણી શકે, ત્યારે પડછાયો પણ પ્રતિબિંબ બની જાય છે...

નયના પટેલ..નૈન.

N.0. G. S.S. No.0102.
નામઃ- રતીલાલ વાયડા
વિષયઃ-. અવાજ અને પડછાયો.
પ્રકારઃ-. ગદ્ય લેખ.
શીર્ષકઃ- અવાજ અને પડછાયો.
તારીખઃ- ૨૬/૮/૨૦૨૨. શુક્રવાર.
રચનાઃ-

માનવીનો પડછાયો દિવસના શરૂઆતના ભાગમાં લાંબો થતો હોય છે જેમ જેમ સુરજ ઊંચો આવે તેમ તેમ તે ટૂંકો થાય છે. અને સાવ ઉપર આવતા તે ટૂંકો થાય છે અને પછી બિલકુલ પડછાયો પડતો નથી. તે જ રીતના સાંજ પડતા આ પડછાયો લાંબો હોય છે, ધીરે ધીરે ટૂંકો થતો હોય છે અને અંતે અંધકાર થતાં આ પણ થયો અદ્રશ્ય થઈ જાય છે.

સંસ્કૃત કવિઓએ આ વાતને સુંદર રીતે સમજાવી છે. સજ્જન અને દુર્જનની મૈત્રી કેવી હોય તે બાબત આ પડછાયા નો આધાર લઈ અને બંનેની મૈત્રી ની તુલના કરેલી છે.

સજ્જનોની મૈત્રી કાયમ હુંફ દેનારી હોતી હોય છે .જ્યારે દુર્જનોની મૈત્રી દગો દેનારી અને ઠગારી હોતી હોય છે.

માનવ ના અવાજનું પણ એવું હોતું હોય છે. ઘણીવાર અવાજ પિતા પુત્રનો સરખો હોતો હોય છે. મા દીકરીનો સરખો હોતો હોય છે. માનવી અવાજ કરતા જે શબ્દો નીકળે છે તેનો અવાજનો જે જુદા જુદા પ્રકારનો વણાક હોય છે તેના ઉપર એક જ શબ્દનો અર્થઘટનનો જુદો જુદો આધાર બનતો હોતો હોય છે. શબ્દ એક જ હોવા છતાં જુદા જુદા પ્રકારના અવાજ દ્વારા વ્યક્ત થતા તેનો ભાવ બદલી જાય છે.

માનવી પોતાનો પ્રેમ અને મધુરતા, ગુસ્સો, આનંદ, લાચારી ,દુઃખ વિગેરે શબ્દો દ્વારા વ્યક્ત કરતો હોય છે.

આમ માનવીનો અવાજ અને પડછાયાની એક પ્રકારની મૈત્રી છે.

લેખકઃ- રતીલાલ વાયડા
નવી મુંબઈ. તારીખઃ-૨૬/૮/૨૦૨૨. શુક્રવાર.

૨૩ ઓગસ્ટથી ૧ સપ્ટેમ્બર, "વર્લ્ડ વોટર વીક"

સમગ્ર વિશ્વમાં ૨૩ ઓગસ્ટથી ૧ સપ્ટેમ્બર, "વર્લ્ડ વોટર વીક" ઉજવવામાં આવે છે. આ ઉજવવા પાછળનો હેતુ લોકોને પાણી બચાવવા માટે પ્રેરણા આપવાનો, જળનું મહત્વ સમજાવવાનો તેમજ જળને વેડફાતું અટકાવવાનો છે. વર્તમાન સમયમાં જળસમસ્યા દિન પ્રતિદિન વિકટ સ્વરૂપ ધારણ કરી રહી છે, ત્યારે જળવ્યવસ્થાપન પણ યોગ્ય રીતે થાય તે મહત્વનું છે. સનાતન સંસ્કૃતિમાં તો જળને દેવનું રૂપ આપવામાં આવ્યું છે. જળ સમસ્યાઓમાં અછત અથવા દુકાળ, પૂરને કારણે લીલો દુકાળ, પાણીની વહેંચણીમાં થતા વિવાદ, પાણીમાં અશુધ્ધિના કારણે થતા રોગો, વિનાશક ત્સુનામી, જમીનનું ધોવાણ જેવા પ્રશ્નો ઉકેલ માંગી રહ્યા છે. માણસ ભોજન વગર લાંબા સમય સુધી જીવી શકે છે, પરંતુ પાણી વગર બે થી ત્રણ દિવસ પણ જીવવું મુશ્કેલ છે. આપણા શરીરમાં પણ અધિકાંશ ભાગ પાણી છે. જે જીવન માટે પાણી કેટલું મહત્વનું છે તેની સાબિતી આપે છે. તેમ છતાં આટલા મહત્વપૂર્ણ પાણી પ્રત્યે આપણો દૃષ્ટિકોણ ખૂબ સાધારણ અને ગેરજવાબદારી ભરેલું છે. ગુજરાત અને થાર જેવા ઘણાં વિસ્તારોમાં આજે પણ મહિલાઓનાં જીવનનો મહત્વપૂર્ણ ભાગ માત્ર પાણીની સમસ્યા હલ કરતા જ નીકળી જાય છે. એક અંદાજ પ્રમાણે છેલ્લા ૫૦ વર્ષમાં પાણી માટે અનેક હત્યાકાંડો થયા છે. પાણીનું વ્યવસ્થિત આયોજન અને વિતરણ વ્યવસ્થા ખૂબ જરૂરી છે.

પર્યાવરણની જાળવણી, વિકાસ, સામાજિક અને આર્થિક વિકાસ, ગરીબી ઘટાડા જેવી સમસ્યાઓનાં ઉકેલ માટે પાણી ખૂબ ઉપયોગી માધ્યમ છે. વિશ્વમાં સતત વધી રહેલી વસતી માટે ખાદ્ય ઉત્પાદન, ઉર્જા, ઔદ્યોગિક અને સ્થાનિક ઉપયોગ માટે પાણીની ઉપયોગિતા સતત વધી રહી છે. આપણી પૃથ્વી પર પણ ૭૭% ભાગમાં પાણી આવેલ છે, તેથી પૃથ્વીને 'મ્ભ્ીઁ ઋહ્રીં' પણ કહેવામાં આવે છે. આ પૃથ્વી પર જે ૭૧ % પાણી છે. તેમાંથી ૯૭.૨% પાણી દરિયામાં આવેલું છે. જે પીવા યોગ્ય નથી. આ ધરતી પર ૨.૧૫% પાણી બરફરૂપે રહેલ છે. ૦.૬૧% પાણી ભૂગર્ભમાં રહેલ છે. પૃથ્વી પર આવેલ જળાશયોમાં ૦.૦૦૯% પીવાલાયક પાણી રહેલ છે. ૦.૦૦૮% આંતરિક સમુદ્રમાં, માટીમાં ભેજના સ્વરૂપે ૦.૦૦૫%, વાતાવરણમાં ભેજ સ્વરૂપે ૦.૦૦૧% તથા નદીઓમાં ૦.૦૦૧% પાણી આવેલ છે. પૃથ્વી પર પાણીનો અખૂટ જથ્થો છે પણ પૃથ્વી પર રહેલ કુલ પાણીનાં જથ્થામાંથી ૯૭% પાણી ખારું છે જે પીવા યોગ્ય નથી. માત્ર ૩% પાણી જ પીવા યોગ્ય છે. જાણકારો તો માને છે કે હવે જો વિશ્વયુદ્ધ થશે તો તે પાણી માટે થશે. જો અત્યારે પાણી બચાવવામાં નહીં આવે તો ભવિષ્યમાં મોટી સમસ્યાઓ સર્જાય શકે છે. માત્ર પાણી નો બગાડ અટકાવવો જ જરૂરી નથી પરંતુ સાથે સાથે તેના સંગ્રહની વ્યવસ્થા કરવી એટલી જ મહત્વની છે.

જળ એ જ જીવન
પાણી ને ફૂટી છે વાણી,
મને વાપરો જાણી જાણી
નીર છે તો નુર છે, બાકી
દુનિયા ધૂળ છે
જો પાણી જાય એળે, તો
દુઃખ આવે આપમેળે

- મિત્તલ ખેતાણી
(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)

ઘવાયેલા અને કાયમી અપંગ પશુઓને કૃત્રિમ પગ ફીટ કરી આપવામાં આવ્યો

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી અર્હમ યુવા સેવા ગ્રુપ-રાજકોટ અને કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટના સહયોગે અર્હમ અનુકંપા જીવદયાનો એક નવો પ્રકલ્પ ગત વર્ષે ઓક્ટોબરમાં પ્રારંભ કરવામાં આવ્યો હતો . અર્હમ અનુકંપા અભિયાનમાં એક્સિડન્ટથી ઘવાયેલા અને કાયમી અપંગ થયેલા પશુઓને એમના માપના કૃત્રિમ પગ ફીટ કરીને એમને ફરી ચાલતા કરવામાં આવે છે. અત્યાર સુધીમાં રાજકોટ તેમજ સૌરાષ્ટ્રના ૩૭ જેટલાં પશુઓને કુત્રિમ પગ નાખીને પુનઃ ચાલતાં કરવામાં આવ્યાં છે. વર્તમાનમાં જ બગસરામાં કાયમી અપંગ એવી ૩ ગૌમાતાઓ ને ફરીથી ચાલતી કરાઈ. આ અભિયાનમાં ડૉ. હિરેનભાઈ બાબરીયા તથા સાથી ટીમ, કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ એનિમલ હેલ્પલાઈનના મિત્તલ ખેતાણી અને પ્રતિકભાઈ સંઘાણીનો વિશેષ સહયોગ પ્રાપ્ત થાય છે . ઘાયલ પશુઓ તેમજ ઓપરેશન બાદ પણ કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલમાં પશુઓની સારસંભાળ કરવામાં આવે છે. ગૌશાળા સંચાલકો, પાંજરાપોળ સંચાલકો. અન્ય જીવદયા પ્રેમીઓ સૌ ને વિનંતી કરવામાં આવે છે કે આ પ્રકારનું કોઈ પણ જીવ તમને જોવા મળે તો સત્વરે અમારો સંપર્ક કરો જેથી કરીને અબોલ જીવોને શાતા મળે અને તેમને જીવવા માટે નવો માર્ગ મળે. જીવદયા પ્રેમી વિમળાબેન દિલીપભાઈ મહેતા , હિતેનભાઈ મહેતા અને જીગરભાઈ શેઠ (મુંબઈ) દ્વારા આ અભિયાનને આર્થિક સહયોગ પ્રાપ્ત થાય છે. અર્હમ અનુકંપા અભિયાન અંગેની વિશેષ માહિતી મેળવવા માટે મો. મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨૨૧૯૯૯) , શેતુર દેસાઈ ૯૮૯૮૨૩૦૯૭૫, પ્રતિક સંઘાણી (મો. ૯૯૯૮૦૩૦૩૯૩), વિજય મહેતા (મો. ૮૯૦૫૮૦૫૭૧૦) પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

પૂ. લાલ બાપુ(ગધેથડ, ઉપલેટા) સાથે એનિમલ હેલ્પલાઈનનાં પ્રતિક સંઘાણી અને રમેશભાઈ ઠક્કરની મુલાકાત

પ્રખર ગાયત્રી ઉપાસક, પ્રાતઃ સ્મરણીય, પૂજ્ય શ્રી લાલ બાપુ(ગધેથડ, ઉપલેટા) સાથે રાજકોટની શ્રી કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ (એનિમલ હેલ્પલાઈન)નાં પ્રતિક સંઘાણી અને રમેશભાઈ ઠક્કરની મુલાકાત થઈ. પૂ. શ્રી લાલ બાપુ દરરોજ ૨૧ કલાક ગાયત્રી માતાની ઉપાસના અને અનુષ્ઠાન કરવામાં પસાર કરે છે. લાલબાપુનો જન્મ ઉપલેટા તાલુકાના નાના એવા ગામ ગધેથડમાં "વાળા" રાજપુત પરીવારમાં થયો હતો, પૂ. બાપુ બાલ્યાવસ્થાથી પુર્ણ ધર્મમય અને ખાસ કરીને ગાયત્રી મંત્ર અને ગાયત્રી માતાના ઉપાસક રહેલાં, ૨૨ વર્ષની યુવા વયે બાપુએ નાગવદર ગામના પાદરમાં એક નાના એવા મકાનમાં ગાયત્રી આશ્રમ શરૂ કર્યો હતો. આજે વટવૃક્ષ બની ગયેલા વિશાળ આશ્રમમાં ભૌતિક સુખ સગવડો નથી ત્યાં માત્ર ને માત્ર પ્રભુમય વાતાવરણ છે. ઉપલેટાના ગધેથડ ગામમાં પૂજ્ય લાલ બાપુ લોકોને કુરિવાજોમાંથી મુક્ત કરાવવાનું ભગીરથ કાર્ય વર્ષોથી કરી રહ્યા છે, બાપુ વિશ્વ વિક્રમી ગાયત્રી યજ્ઞનાં આયોજક છે. તેમણે અનેક ગામોમાં સદીઓથી ચાલતા બલી પ્રથાનાં કુરિવાજોને કાયમી માટે બંધ કરાવ્યા છે. પોતાના શિષ્યો અને અનુયાયીઓ પાસે ગુરુ પૂર્ણિમાનાં પવિત્ર દિવસે ગુરુદક્ષિણામાં પૂરી જિંદગી શાકાહારી બનવાનું વચન માંગે છે. ઐતિહાસિક વેણુ ડેમ પર દાયકાઓથી દેવાતા માછીમારીનાં ઈજારા કાયમી માટે બંધ કરાવવા માટે પૂ. લાલ બાપુ નીમીત બન્યા હતા. પૂ. લાલ બાપુનાં સતત પ્રયાસો વધુ ને વધુ લોકો શાકાહાર તરફ વળે તેવા હોય છે. તેમણે હજારો લોકોને ઈંડા, મચ્છી, માંસાહાર બંધ કરાવીને શાકાહાર તરફ વાળ્યા છે. હાલનાં સમયમાં લમ્પી રોગથી ગૌવંશને શાતા મળે તેવા હેતુથી ગાયત્રી માતાનાં અનુષ્ઠાન સતત ચાલુ જ છે. શાકાહાર અંગે લાલબાપુ જણાવે છે કે ભગવાને મનુષ્ય માટે અનેક પ્રકારના ભોજન અનાજ, કઠોળ, શાકભાજી બનાવ્યા છે. આ બધું હોવા છતાં માણસ માંસાહાર તરફ આકર્ષાય છે જે અત્યંત ખરાબ છે. જે મનુષ્યનાં સ્વાસ્થ્યને તો ખરાબ કરે જ છે તેમજ સમગ્ર સૃષ્ટિને પણ હાનિકરતા છે. માંસ ખાવું એ રાક્ષસ વૃતિ છે. તેનાથી રાક્ષસી(અશુદ્ધ) વિચારો આવે છે. જે માંસ ભક્ષણ કરે છે એ રાક્ષસ જ છે એને માણસ ન કહેવાય. ગાય, બળદ, ભેંસ, ગધેડું, ઘેટું, બકરીનાં નીરણમાં જો એક માંસનો ટુકડો નાખી દઈએ તો તેઓ તે નિરણ પણ લેતા નથી. જેને

આપણે ઢોર કહીએ છીએ એ પણ આવો માંસાહારી ખોરાક ઓળખીને ખાતા નથી. જ્યારે માણસ જેવા માણસ જે ઈશ્વરને પામી શકે તેવી પવિત્ર યોનિમાં જન્મ્યા છે તેઓ માંસ, ઈંડા ખાઈને કેમ જીવી શકે ! ઘરની વ્યક્તિ કોઈ મૃત્યુ પામે તો તેનું સુતક ૧૬ દિવસ રહે છે. જ્યારે મનુષ્યનો અગ્નિ સંસ્કાર થઈ જાય પછી આપણે સુતકનાં અમુક નિયમો પાળીએ છીએ તો જ્યારે કોઈ જીવને કાપીને પેટમાં પધરાવીએ છીએ ત્યારે એનું કેવું સુતક લાગતું હશે ! પોતાના સ્નેહીજનનું મૃત્યુ થાય છે ત્યારે ઘરથી દુર સ્મશાનમાં તેમની વિધિ કરીએ છીએ જ્યારે પશુ, પક્ષીઓને કાપીને તેમને ચૂલે ચડાવીએ છીએ તો સાચું સ્મશાન કયું. માંસાહાર રાંધીને વ્યક્તિ પોતાના ઘરને અને માંસાહાર કરીને વ્યક્તિ પોતાના શરીરને કબ્રસ્તાન બનાવે છે. ઈંડા એ કુકડાનો ગર્ભ છે. કોઈ માણસનાં બચ્ચાને ગર્ભમાંથી કાઢીને કોઈ ખાય તો શું થાય. કોઈનો ગર્ભ ખાઈ ન જવું એ ભયંકરમાં ભયંકર પાપ છે. માંસાહાર કર્યા પછી એ શરીરમાં ૮ કલાક સુધી રહે છે આ ૮ કલાક દરમિયાન મનુષ્ય કોઈ પૂજા પાઠ ન કરી શકે, યજ્ઞમાં ન બેસી શકે, પિતૃ કાર્ય ન કરી શકે, મંદિરમાં પણ ન જઈ શકે કારણ કે તે અશુદ્ધ હોય છે અને તેની અંદર રાક્ષસ વૃતિનો વાસ હોય છે. ઘરની સ્ત્રીઓ જ્યારે વ્રત, ઉપવાસ કરતી હોય ત્યારે પુરુષો દ્વારા જો માંસ ભોગ કરવામાં આવે અને સ્ત્રીઓ પાસેથી એ બનાવડાવીએ કે એમની પાસે એઠા વાસણો સાફ કરાવીએ તો એમને કેટલું દુઃખ થતું હશે અને ઘણીવાર તો એમનો વ્રત પણ ભંગ થતો હશે. ભગવાને ઘણી વસ્તુ ખાવા આપી છે તેની અંદર મરી મસાલા નાખીને, સ્વાદિષ્ટ બનાવીને ખાવું જોઈએ, માંસ ન ખાવું જોઈએ. માંસાહાર અને મદિરા પાન કરવાથી શારીરિક, આર્થિક, સમાજિક, કૌટુંબિક, વ્યવહારિક એવા તમામ પ્રકારનાં નુકસાન થાય છે. જો પૃથ્વી ઉપરના બધા જ મનુષ્યો માત્ર શાકાહાર આરોગે તો આ ગ્રહ ઉપર શાકાહારની એટલે કે ફળફળાદિ, શાકભાજી તેમજ અનાજની ગંભીર અછત ઊભી થાય! શું ખરેખર આવું છે એ મોટો પ્રશ્ન છે અને એ પ્રશ્નનો ટૂંકો અને ટચ જવાબ એ છે કે જો 'માંસાહાર નાં ઉપયોગ માટે વપરાતો શાકાહાર બંધ થાય તો આપોઆપ શાકાહારની અછતનાં પ્રશ્નનું નિર્મૂલન થઈ જાયપ!!'ઇઝરાયલ અને કચ્છ જેવા રણ પ્રદેશોમાં પણ ખેતીની પદ્ધતિઓ પ્રચલિત છે ત્યારે શું ખોરાક માટે જીવ હત્યા જ એકમાત્ર વિકલ્પ છે! સૌથી શક્તિશાળી અને બુદ્ધિશાળી પ્રાણીઓ શાકાહારી હોય છે; અવલોકન કરીએ તો માલૂમ પડશે કે સૌથી શક્તિશાળી પ્રાણીઓ જેવા કે હાથી, ગેંડા, હિપોપોટેમસ, ગોરીલા, ભેંસ, ગાય તેમજ સૌથી ઊંચું પ્રાણી જીરાફ પણ શાકાહારી છે; માટે જ પ્રચંડ શક્તિ અને વિચક્ષણ બુદ્ધિની પ્રાપ્તિ માટે માંસાહાર જરૂરી છે એ વાતનો તો બિલકુલ છેદ જ ઉડી જાય છે. એનિમલ હેલ્પલાઈનના પ્રતિક સંઘાણી અને રમેશભાઈ ઠક્કરે પૂ. લાલ બાપુને ગૌમાતાનાં પંચગવ્ય માંથી બનેલી વિવિધ વસ્તુઓ પણ ભેટ આપી હતી. બાપુએ ગૌમાતાનાં પંચગવ્ય માંથી સુંદર વસ્તુઓ બનાવીને રોજગારીની તકો વધારે શકાય છે અને આ રીતે સંસ્કૃતિની જાળવણી થઈ શકે છે અને ગૌશાળાઓ-પાંજરાપોળો-પશુ પાલકો સ્વાવલંબી બની શકે છે તેવી વાત પણ કરી હતી. પૂ. લાલ બાપુની ચરણ વંદના એનીમલ હેલ્પલાઈનનાં પ્રતિક સંઘાણી અને રમેશભાઈ ઠક્કર દ્વારા ગૌમાતાનાં ગોબર માંથી નિર્મિત ઘડિયાળ અર્પણ કરીને કરવામાં આવી હતી. બાપુએ સૌ ને શાકાહારને જ અનુસરવાની અપીલ કરી છે. શાકાહાર બાબતે પૂ. લાલ બાપુનું અત્યંત પ્રેરણાદાયી માર્ગદર્શન અને વક્તવ્ય સાંભળવા મળ્યું અને શુભેચ્છા મુલાકાત થઈ તે માટે એનિમલ હેલ્પલાઈનના પ્રતિક સંઘાણી અને રમેશભાઈ ઠક્કર દ્વારા પૂ. લાલબાપુની ચરણ વંદના સાથે તેમનો ઋણ સ્વીકાર કરવામાં આવ્યો હતો.

પાલનપુરમાં મહીલાના ગળામાંથી અજાણ્યો શખ્સ ચેઈનની તફડંચી કરી ફરાર

બસમાં ચઢતી વખતે અજાણ્યો શખ્સ દોરો તોડી ફરાર થઈ ગયો : ફરિયાદ નોંધાવતાં તપાસના ચક્રો ગતિમાન.

બનાસકાંઠા સમાચાર

પાલનપુર ગાયત્રીનગર સોસાયટીમાં રહેતી એક મહીલા ધાનેરા પોતાના ભાઈને રાખડી બાંધવા માટે ધાનેરા જતી હતી.ત્યારે પાલનપુર નવા બસ પોર્ટમાં બસમાં ચઢતી વખતે અજાણ્યો શખ્સ તેણીના ગળામાં પહેરેલી રૂ. ૫૦,૦૦૦ ની સોનાની ચેઈનની તફડંચી કરી ફરાર થઈ ગયો હતો. આ અંગે પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા ૩ શખ્સો સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે, પાલનપુર-આબુ હાઈવે નજીક આવેલી ગાયત્રીનગર સોસાયટીમાં રહેતાં જયાબેન જીતેન્દ્રકુમાર જોષી રક્ષાબંધને ધાનેરા પોતાના ભાઈને રાખડી બાંધવા જવા માટે પાલનપુર નવા બસ પોર્ટમાં આવ્યા હતા. જયાં બપોરના સુમારે પાલનપુર-ગાંગુદ્રા બસમાં ચઢતી વખતે મુસાફરોની ભીડમાં અજાણ્યા ૩ શખ્સો પૈકી એક શખ્સે તેમના ગળામાં પહેરેલી રૂ. ૫૦,૦૦૦ ની સોનાની ચેઈન સવા તોલાની તફડાવી હતી.જ્યોત્સનાબેને બૂમાબૂમ કરી હતી. જોકે, ત્રણેય શખ્સો નાસી છૂટ્યા હતા. આ અંગે પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા ૩ શખ્સો સામે ગુનો નોંધી તેમને ઝડપી પાડવા કવાયત હાથ ધરી છે.

ચાણસ્મા પુનમચંદ બાલમંદિર ના બાળકોને ફૂટ,બિસ્કિટ અને નાસ્તા પેકેટનું વિતરણ કરાયું.

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

પાટણ જિલ્લા ના ચાણસ્મા પુનમચંદ બાલમંદિર ના આશરે ૪૫ બાળકોને એક નંગ સફરજન,નાનું બિસ્કિટ પેકેટ,નાનું મમરા પકેટ તમામ વસ્તુઓ દાતાશ્રી બીપીનભાઈ એ.પટેલ તરફથી જાયન્ટ્સ સપ્તાહ ઉજવણી દરમ્યાન પ્રમુખ વસંતભાઈ પટેલ,ઉપ પ્રમુખ ચંદુભાઈ પટેલ,પ્રો.ચેરમેન અશોકભાઈ પટેલ,વકીલ અરવિંદભાઈ દરજી,વિષ્ણુભાઈ પ્રજાપતિ,રાજુભાઈ પટેલ બાલ મંદિર ના આચાર્યા અને તમામ સ્ટાપ ની હાજરીમાં તમામ બાળકોને નાસ્તો આપવામાં આવેલ હતો

ચાણસ્મા નાગરિક બેંકની ચૂંટણી ૧૧ સપ્ટેમ્બર યોજનાર હોય ૭૨ ઉમેદવારી ફોર્મ નુ વિતરણ કરવામાં આવ્યું

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

નાગરિક બેંકના પૂર્વ ચેરમેન દ્વારા હાઈકોર્ટમાં ચૂંટણી પ્રક્રિયા અંગે પડકારતી અરજી દાખલ કરાઈ હતી.

રાજ્યના રજિસ્ટારે જીલ્લા રજીસ્ટારને બંન્ને પેનલોના અરજદારોને સાંભળી નિર્ણય કરવા હાઈકોર્ટને અહેવાલ મોકલી આપવા તાકીદ કરાઈ હતી.

ચાણસ્મા નાગરિક બેંકની ચૂંટણી આગામી ૧૧ મી સપ્ટેમ્બરના રોજ યોજાઈ રહી છે ત્યારે ૨૫ મી ઓગસ્ટે ઉમેદવારી પત્રો વિતરણ કરવાની છેલ્લી તારીખ હોવાથી છેલ્લા દિવસે કુલ ૭૨ ઉમેદવારી પત્રોનું વિતરણ ચાણસ્મા નાગરિક બેંક ની અમદાવાદ ખાતે આવેલી નારણપુરા બેંકની શાખામાંથી ઉમેદવારીપત્રોનું વિતરણ કરાયું હતું.

પૂર્વ ચેરમેન અને તેમના ટેકેદારો હાલની ચાણસ્મા નાગરિક બેંક ની ચૂંટણી પ્રક્રિયાથી હજુ પણ નારાજ .

ચાણસ્મા નાગરિક બેંકની ચૂંટણી આગામી ૧૧ મી સપ્ટેમ્બરના રોજ યોજાઈ રહી છે ત્યારે બેંકના હાલના ચેરમેન દ્વારા ચૂંટણી પ્રક્રિયા અમદાવાદ ખાતે આવેલી ચાણસ્મા નાગરિક બેંકની નારણપુરા શાખામાંથી કરાવવાનું નક્કી કરાતાં પૂર્વ ચેરમેન યોગીનભાઈ બાબુલાલ પટેલ અને તેમના ટેકેદારો માં નિરાશા વ્યાપી જવા પામી છે. અને તેમણે હાઈકોર્ટમાં ચૂંટણીની કાર્યવાહી ચાણસ્મા નાગરિક બેંકની મુખ્ય શાખા ચાણસ્મા ખાતું સ્વીકારવામાં આવે તેવી એક અરજી તેમના તરફથી દાખલ કરાઈ હોવાનું પણ જણાવ્યું હતું. પરંતુ હાઈકોર્ટે કરેલા આદેશ મુજબ રાજ્ય રજિસ્ટાર જિલ્લા રજિસ્ટારને ચૂંટણીની પ્રક્રિયા અંગે બન્ને અરજદારોને સાંભળી યોગ્ય નિર્ણય કરવાનો પણ આદેશ કરાયો હતો. અને અમારા બન્ને પક્ષકારોએ જીલ્લા રજીસ્ટારે સાંભળ્યાં હતાં પરંતુ જિલ્લા રજીસ્ટ્રારે ચૂંટણી અંગે શું નિર્ણય કર્યો તે અંગે અમોને હજુ જાણ કરાઈ નથી પરંતુ એટલું કહ્યું કે મતદાન ચાણસ્મા નાગરિક બેંકની દરેક શાખા જ કરવામાં આવશે અને મતગણતરી પણ ચાણસ્મા નાગરિક બેંક ની મુખ્ય શાખા ચાણસ્મા ખાતે રાખવામાં આવશે તેવી સૂચના ચૂંટણી અધિકારીને આપવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

જ્યારે હાલના ચેરમેન વિશાલભાઈ પટેલે જણાવ્યું હતું કે ચાણસ્મા નાગરિક બેંકની ચૂંટણી નિષ્પક્ષ અને પ્રામાણિક પણ એ થાય એની પૂરેપૂરી તકેદારી રાખવામાં આવશે

અખબારી સ્વાતંત્ર્ય પર તરાપનો ભયંકર પ્રયાસ: પત્રકારોમાં પ્રચંડ રોષ

સવારે ૧૧:૦૦ કલાકે ડો.આંબેડકરજીની પ્રતિમાએ પત્રકારોને સંગ છ ડીવીઝન પોલીસ મથકે હાજર થશે

અનિરુદ્ધ નકુમ

રાજ્યમાં શાસક પક્ષમાં બરાબર ચૂંટણી ટાણે જ બે સિનિયર નેતાઓ પાસેથી મહત્વપૂર્ણ વિભાગો પરત લઈ લેવાયાની અભૂતપૂર્વ ઘટના પછી રાજકીય ગલિયારોમાં શરુ થયેલી ચર્ચા મુજબ હાઈ કમાન્ડ વર્તમાન મુખ્ય પ્રધાન ભુપેન્દ્ર પટેલના પરફોમન્સને લઈ અસંતુષ્ટ હોઈ તેમના સ્થાને પરષોત્તમ રૂપાલા કે મનસુખ માંડવીયાને નીમવા વિચારી રહ્યું છે. આ મતલબના સંકેત મળતા હેડલાઈન દૈનિકના ફ્રન્ટ પેઝ પર અખબારી સ્વાત્રંયના ધર્મે આ અહેવાલ પ્રસિદ્ધ કર્યા હતા. જોકે આ અહેવાલ અરુચિકર લાગ્યા હોઈ તેમના ઈશારે હેડલાઈન દૈનિકના પત્રકાર અનિરુદ્ધ નકુમ સામે છ ડિવિઝન પોલીસ મથકમાં ગંભીર કલમો હેઠળ ફરિયાદ નોંધવામાં આવી છે. (આમ નાગરિકની ફરિયાદ લેવાના બદલે અરજીનો કડક આગ્રહ રાખતી પોલીસે તરત જ ગુનો દાખલ કરી દીધો !) અખબારી સ્વાતંત્ર્ય પર સેન્સરશીપ સમી તરાપથી સમસ્ત પત્રકાર આલમમાં ઉગ્ર રોષ જામ્યો છે. નિર્ધારિત કાર્યક્રમાનુસાર તા. ૨૬ને શુક્રવારે સવારે ૧૧:૦૦ કલાકે હોસ્પિટલ ચોક,બાબા સાહેબ આંબેડકર સાહેબની પ્રતિમાએ એકત્ર થઈ પત્રકારો અખબારી સ્વાતંત્ર્ય સામેની જોહુકમીનો સામુહિક વિરોધ જતાવસે. ત્યારબાદ અનિરુદ્ધસિંહ નકુમ પત્રકારોના કાફલા સાથે એ ડિવિઝન પોલીસ મથકે સામેથી હાજર થઈ કાનૂનનું પાલન કરશે.

આગામી સમયમાં પ્રસારણ માધ્યમો જોહુકમીનું અતિક્રમણ અટકાવવા રાજકોટ શહેરના પ્રિન્ટ તેમજ ઈલે.મીડિયાનો સમૂહ પણ શ્રી નકુમનાં સમર્થનમાં રેલીમાં જોડાશે, એટલું જ નહિ યોગ્ય ન્યાય નહિ મળે તો લોકતાંત્રિક ઢબે વિરોધ કાર્યક્રમોની શ્રુંખલા ઘડી કાઢશે તેમ જાણવા મળે છે

છગન ભગત વસાણી ની ૧૦ મી પુણ્યતિથી નિમિત્તે દીકરીઓ માટે ચિત્ર સ્પર્ધા વક્તૃત્વ સ્પર્ધા તેમજ પિતા વિહોણી દીકરી ઓને સ્કૂલ કીટ વિતરણ

સુરત ના સામાજિક અગ્રણી તેમજ સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશન સુરત ના પ્રમુખ શ્રી ઘનશ્યામ બિરલા એ પોતાના પિતાશ્રી છગન ભગત(વસાણી) ભૂમિ દાતા રામદેવપીર મંદિર બગસરા ની ૧૦ મી પુણ્યતિથી નિમિત્તે મણી વલ્લભ કન્યા કેળવણી ધામ મુંજાણી ફાર્મ વેડ રોડ ખાતે કેમ્પસ ના સંચાલક ડો સંજય ડુંગરાની ના સંકલન થી કતારગામ ની ૧૦ સ્કૂલ ની દીકરીઓ વચ્ચે ચિત્ર સ્પર્ધા ભારતીય સંસ્કૃતિ ને માર્ગ સલામતી તેમજ વક્તૃત્વ સ્પર્ધા માં મારા સ્વપનાનું ભારત આં વિષયો પર દીકરીઓ વચ્ચે સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ધો ૬ થી ૯ ની દીકરીઓ સુંદર પરફોર્મન્સ બતાવ્યું હતું જેમાં સ્કૂલ ના નિર્ણાયક દ્વારા શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર બને સ્પર્ધા ની શ્રેષ્ઠ ત્રણ ત્રણ દીકરીઓને મોમેન્ટો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું તેમજ ભાગ લેનાર તમામ દીકરીઓને સ્મૃતિ ગિફ્ટ આપવામાં આવી હતી તેમજ આં ૧૦ સ્કૂલો ની પિતાવિહોણી દીકરીઓને સ્કૂલ કીટ ભેટ આપવામાં આવી હતી

આ સુંદર પોગ્રામ્ માં રમેશ વસાણી દિનેશ વસાણી જગદીશ વસાણી સંસ્થા ના ટ્રસ્ટી દિલિપ વરસાણી બાબુ વેકરીયા ઘનશ્યામ પાધરા તેમજ સામાજિક અગ્રણી ભરત જસાણી કિશોર કાનપરિયા એડવોકેટ કિશોર સોજીત્રા બટુક ભાઈ વાડદોરીયા અરવિંદ હીરપરા રમેશ વઘાસિયા કતારગામ ના કોર્પોરેટર દિનેશ સોલંકી જેવા મહાનુભાવો એ હાજર રહીઆવા સુંદર કાર્યક્રમ દ્વારા પિતાજી યાદ લોકો ના હૃદય સુધી રહે તે માટે સર્વે મહેમાનોએ બિરલા ને અભિનંદન ને પાઠવ્યા હતા

પિતાજી ની શ્રદ્ધાંજલી માં આવા સુદર કાર્યક્રમ ના આયોજન બદલ સંસ્થા ના ઉપ પ્રમુખ ડો મધું કાન્ત ગોંડલિયા મંત્રી ડો મુકેશ પડ્સાળા કો ઓર્ડીનેટર હરેશ

માંગરોળીયા કવિ સુરેશ વિરાણી મહેન્દ્ર હીરપરા નરેશ દેવળીયા જેવા મહાનુભાવો એ બિરદાવ્યો હતો

આ કાર્યક્રમ ને સફળ બનાવવા બ્રિલિયન્ટ સ્કૂલ તેમજ મણી વલભ સંકુલ ના શિક્ષકો એ ખૂબ જહેમત ઉઠાવી હતી સુંદર સંચાંલનં નિકુંજ ભાઈ ખેની દ્વારા કરવામાં આવ્યું હતું સ્વાગત પ્રવચન તેમજ માહિતી કેમ્પસ

ડિરેક્ટર ડો સંજય ડુંગરાની દ્વારા આપવામાં આવી હતી રાષ્ટ્રગીત ગાન બાદ કાર્યક્રમ ની પૂર્ણાહુતિ કરવામાંઆવી હતી

બિલકીશ બાનું કેશ માં થયેલ ગેંગરેપ અને હત્યાં ના આરોપીઓ ને સજા માફી આપી દેવાતા વંથલી કોંગ્રેસે આપ્યું આવેદન : રાષ્ટ્રપતિ ને મધ્યસ્થી કરવા કરી અપીલ

ગુજરાતમાં વર્ષ ૨૦૦૨ની કોમી રમખાણો દરમિયાન બિલ્કીસબાનુ પર થયેલ ગેંગરેપ અને તેના પરીવારના સાત સભ્યોની હત્યાના ગંભીર ગુન્હા માં સંડોવાયેલ ૧૧ આરોપીઓને ગુજરાત સરકાર દ્વારા માફી આપીને છોડી મુકવાના નિર્ણય કરાતાં સમગ્ર દેશમાં વિરોધનો વંટોળ ઉભો થયો છે ત્યારે સરકાર તાત્કાલિક આ નિર્ણય પરત ખેંચી અને આરોપીઓને પુનઃ જેલ હવાલે કરે તેવી માંગ સાથે આજે વંથલી મામલતદાર મારફતે -વંથલી શહેર તાલુકા કોંગ્રેસ દ્વારા રાષ્ટ્રપતિ ને આવેદનપત્ર પાઠવી રજુઆત કરવામાં આવી હતી?

આ બાબતે કોંગી અગ્રણીઓ એ આપેલ આવેદનપત્રમાં જણાવ્યું છે કે, ૨૦૦૨ ના કોમી તોફાનો સમયે બિલ્કીસબાનુ પર થયેલ ગેંગરેપ તથા તેમના પરીવારના ૭ સભ્યોની હત્યાના ૧૧ અપરાધીઓને ગુજરાત સરકારનો માફી આપીને છોડી મુકવાનો નિર્ણય આઘાતજનક હોય જેથી તાત્કાલીક આ મામલે હસ્તક્ષેપ કરીને કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને ગુજરાત સરકારના અપરાધીઓને માફી આપવાના નિર્ણયને પાછો લેવામાં આવે તે જરૂરી છે.

લાચાર અને નિસહાય ગર્ભવતી મહીલા બિલ્કીસબાનુ ઉપર થયેલ સામુહીક ગેંગરેપ અને તેમના પરીવારના ૭ સભ્યોની હત્યા કરનારા અપરાધીઓને છોડી મુકવાનો આદેશ સ્વતંત્રતા દિવસે કરીને ગુજરાતની ભાજપ સરકારે સ્વતંત્ર દિવસ કલંકીત કરેલ છે, પરંતુ આવા નિર્મમ હત્યારાઓને મુક્ત કરવા જોઈએ નહીં. ગુજરાત ભાજપ સરકારે બિલ્કીસબાનુ સામુહીક બળાત્કાર મામલામા સાત અપરાધીઓને માફી આપીને ખુબજ મોટો અન્યાય કર્યો છે જેથી ન્યાય મેળવવા માટે સંઘર્ષ કરી રહેલા લોકો માટે આ નિર્ણય ખુબજ નીરાશાજનક છે. આવા ગંભીર ગુન્હામાં કોર્ટ દ્વારા સજા પામેલા અપરાધીઓની સજા માફ કરવી એ બીલકીશબાનો કેશમા હળાહળ અન્યાય છે

બિલ્કીસબાનુ સાથે જ્યારે બળાત્કાર થયો ત્યારે તેના પેટમાં ૫ મહીનાનો ગર્ભ હતો તેમની ૩ વર્ષની દિકરી સહીત પરીવારના ૭ સભ્યોની તેમની આંખોની સામે બેરેહેમીથી હત્યા કરવામાં આવેલ હતી. આવા અપરાધીઓને સખતમા સખત સજા મળવી જોઈએ. એમનાથી વિપરીત ગુજરાતની ભાજપ સરકાર આવા જઘન્ય અપરાધોના અપરાધીઓને માફ કરી દીધા છે એ સૌથી મોટી આઘાતજનક વાત છેઆ આવેદનપત્ર આપતી વખતે વંથલી શહેર કોંગ્રેસ પ્રમુખ ઈરફાનશાહ સોહરવર્દી, તાલુકા પ્રમુખ મનસુખ પાડલિયા, પ્રદેશ કોંગ્રેસ અગ્રણી હરિભાઈ કણસાગરા, જિલ્લા પંચાયત સદસ્ય અરવિંદભાઈ લાડાણી, શીરાઝ વાજા,હાશમ સાંધ, માણાવદર તાલુકા પ્રમુખ જીગ્નેશ છૈયા, રફીકશા સર્વદી, તૌસીફ અઝીઝ સહીત ના હોદ્દેદારો કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા

રીપોર્ટર - જીજ્ઞેશ પટેલ માણાવદર

રીટ્રાઈવલ થી પ્રત્યારોપણની જટીલ અને સંવેદનશીલ પ્રક્રિયામાં નિષ્ઠાપૂર્ણ કામગીરીનું આ પરિણામ – સિવિલ સુપ્રીટેન્ડન્ટ ડૉ. રાકેશ જોષી

૨૦ મહિનામાં ૯૦ વ્યક્તિઓના અંગદાન થી ૨૬૧ લોકોને નવજીવન મળ્યું

અમદાવાદ સિવિલ હોસ્પિટલે આદરેલા અંગદાનના સેવાયજ્ઞમાં ૨૦ મહિનામાં ૯૦ વ્યક્તિઓના અંગદાન થી ૨૬૧ લોકોને નવજીવન મળ્યું છે.

ડિસેમ્બર ૨૦૨૦માં અંગોના રીટ્રાઈવલની મંજૂરી મળ્યા બાદ ૨૬ મી ડિસેમ્બરે હોસ્પિટલમાં પ્રથમ વખત અંગદાન થયું હતુ. સપ્ટેમ્બર ૨૦૨૧ સુધીમાં ફક્ત ૭ અંગદાનના કિસ્સા નોંધાયા હતા.

સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ ડૉ. રાકેશ જોષીની ટીમના નેતૃત્વમાં સિવિલ હોસ્પિટલમાં ફક્ત ૧૧ મહિનામાં ૮૩ અંગદાન થયા છે. જે હોસ્પિટલના તબીબોની કર્તવ્યનિષ્ઠા અને ઈચ્છાશક્તિથી જનકલ્યાણનું જવલંત ઉદાહરણ છે. એક જ દિવસમાં બે અંગદાન થયાના સિવિલ હોસ્પિટલમાં ૧૦ જેટલા કિસ્સા નોંધાયા છે. અત્રે નોંધનીય છે કે, એક વ્યક્તિના અંગોના રીટ્રાઈવલમાં ૫ થી ૭ કલાક જેટલો સમય લાગતો હોય છે. અને એક અંગના ટ્રાન્સપ્લાન્ટમાં પણ ૭ કલાક જેટલો સમય.

સિવિલ હોસ્પિટલમાં ગઈકાલે થયેલ બે અંગદાનની વિગતો જોઈએ તો,મહિસાગર જિલ્લાના ૩૭ વર્ષીય પરેશકુમાર ડામોરને માર્ગ અકસ્માત સાંપડતા અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેઓ બ્રેઈનડેડ જાહેર કરાતા પરિવારજનોના અંગદાનના નિર્ણયથી તેમની બે કિડની અને એક લીવરનું દાન મળ્યું છે. જેને જરૂરિયાતમંદ દર્દીમાં સફળતાપૂર્ણ પ્રત્યારોપણ કરવામાં આવ્યું છે.

પરેશકુમાર ડામોર

જ્યારે ૯૦ માં અંગદાનની વિગતમાં અરવલ્લીના નટુભાઈ બરંડા કે જેઓની ઉમ્ર પર વર્ષની હતી. તેમને માથાના ભાગમાં હેમરેજ થતા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.જ્યાં ૨૫મી ઓગસ્ટે સઘન સારવારના અંતે તબીબો દ્વારા બ્રેઈનડેડ જાહેર કરતા તેમના પણ બે કિડનીનું સફળતાપૂર્ણ દાન મળ્યું છે.

સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ ડૉ. રાકેશ જોષી જણાવે છે કે, સિવિલ હોસ્પિટલને રીટ્રાઈવલ સેન્ટરની મંજૂરી ડિસેમ્બર ૨૦૨૦ માં મળી હતી. સરકારી હોસ્પિટલમાં રીટ્રાઈવલ સેન્ટરની મંજૂરી મળ્યાના આટલા ટૂંકા ગાળામાં ૯૦ અંગદાન થકી ૨૬૧ જેટલા લોકોને નવજીવન આપતી સંભવિત પ્રથમ હોસ્પિટલ છે.

સિવિલ હોસ્પિટલની અંગદાન સાથે સંકળાયેલી ટીમ અને SOTTO(State Organ and Tissue Transplant Oranisation) ટીમના સુગમ્ય સમન્વય અને સઘન કામગીરીના પરિણામે જ અંગદાન ક્ષેત્રે આ સિધ્ધી હાંસલ થઈ છે.

જીવ થી જીવ બચાવવાના આ સેવાયજ્ઞમાં અમારી હોસ્પિટલમાં તબીબો સંપૂર્ણપણે નિષ્ઠાપૂર્ણ દિવસ- રાત કાર્યરત રહે છે. રીટ્રાઈવલ થી લઈ ટ્રાન્સપ્લાન્ટ સુધીની પ્રક્રિયા ખૂબ જ જટીલ અને સંવેદનશીલ છે. તદ્ઉપરાંત તબીબોની મહેનત રંગ લાવી છે અને આ પરિણામ મળ્યું છે.

-અમિતસિંહ ચૌહાણ

સાબરમતી રીવરફ્રન્ટ પર ૭૫૦૦ મહિલાઓ એકસાથે ચરખો કાંતશે

ખાદી ઉત્સવમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાજરી આપશ

ગાંધીનગર, ૨૬ ઓગસ્ટઃ અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ૨૭ ઓગસ્ટે "ખાદી ઉત્સવ"નો અનોખો કાર્યક્રમ યોજાઈ રહ્યો છે જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાજરી આપશે. માનનીય વડાપ્રધાનશ્રીએ ખાદીને ખુબ પ્રોત્સાહન આપ્યું છે અને તેના લીધે ખાદીનો વ્યાપ દેશ સહિત વિદેશમાં પણ વધ્યો છે. અહીં ગુજરાતના વિવિધ જિલ્લાઓ ખાસ કરીને સુરેન્દ્રનગર, અમરેલી અને રાજકોટમાંથી ૭૫૦૦ મહિલા ખાદી કારીગરો એક જ સમયે એકસાથે ચરખાનું જીવંત નિદર્શન કરશે. ૭૫૦૦ મહિલા કારીગરોનું આ પ્રકારનું આયોજન વિશ્વમાં પ્રથમ વખત થઈ રહ્યું છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે મહિલાઓ સફેદ સાડી ઉપર ટ્રાઈકલર અંગવસ્ત્ર પહેરશે. કાર્યક્રમ સ્થળ પર ૭૫ રાવણહથ્થા કલાકારો દ્વારા વડાપ્રધાનનું સ્વાગત કરવામાં આવશે. માનનીય વડાપ્રધાનશ્રી સ્થળ પર હાજર ખાદી કારીગરો સાથે વાર્તાલાપ પણ કરશે અને તેમની સાથે ચરખો કાંતશે.

દેશમાં વર્ષ ૨૦૧૪થી ખાદીના વેચાણમાં ૨૪૫ ટકાનો વધારો

દેશમાં ખાદી ઉત્પાદનમાં વધારો જોવા મળી રહ્યો છે. ૂફ્રેંઝ મુજબ દેશમાં ખાદીના ઉત્પાદનમાં ૧૭૨ ટકાનો વધારો થયો છે અને વર્ષ ૨૦૧૪થી તેના વેચાણમાં ૨૪૫% નો વધારો થયો છે. આ ઉપરાંત, આ કાર્યક્રમમાં ૧૯૨૦ના દાયકાથી અત્યાર સુધી ઉપયોગમાં લેવાતા ચરખાની વિવિધ પેઢીઓના ૨૨ ચરખાને પ્રદર્શિત કરીને ×ચરખા ઉત્ક્રાંતિ×ને પણ દર્શાવવામાં આવશે. ચરખા ઉત્ક્રાંતિમાં "યરવડા ચરખા"ની સાથોસાથ બીજા અનેક ચરખાનો પણ સમાવેશ થાય છે જેમાં ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની ચળવળથી લઈને આજના સમયમાં ઉપયોગમાં લેવાતી નવીનતમ ટેક્નોલોજી સાથેના ચરખાઓ દર્શાવવામાં આવશે. આ "ચરખા ઉત્ક્રાંતિ" પ્રદર્શનની માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા મુલાકાત લેવામાં આવશે.

જેટલી ગંગા પવિત્રતા છે, એટલી જ પોન્ડુરુ ખાદી પવિત્ર છેઃ મહાત્મા ગાંધી

મહાત્મા ગાંધીએ યંગ ઈન્ડિયામાં પોન્ડુરુ ખાદી વિશે લખતા તેને ગંગાથી પણ પવિત્ર ગણાવી હતી. મહત્વપુર્ણ છે કે પોન્ડુરુ ખાદી એ આંધ્રપ્રદેશના પોન્ડુરુ ગામથી સંબંધ ધરાવે છે જ્યાં હાલ ૧૨૦૦ જેટલા લોકો ખાદી વણાટના કામ સાથે જોડાયેલા છે. જેઓ પોન્ડુરુ ખાદીના ઉત્પાદનનું જીવંત નિદર્શન વડાપ્રધાન સમક્ષ કરશે. આ ખાદીની વિશેષતા એ છે કે તેમાં કપાસ કાઢવાથી લઈને ખાદીનું કાપડ બનાવવાની સમગ્ર પ્રક્રિયા હાથથી જ કરવામાં આવે છે.

ખાદી સાથે સંકળાયેલો ભારતનો વર્તમાન અને ઈતિહાસ

ખાદીનું બીજું નામ 'ખદ્દર' પણ છે અને તે ગ્રામીણ ભારત માટે આજીવીકાનું એક મહત્વનું માધ્યમ છે. ખાદીના કાંતણ અને વણાટે ભારતના નાગરિકોને વધુ આત્મનિર્ભર બનાવીને બ્રિટિશ સામ્રાજ્યને વિખેરી નાખવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. ગાંધીજીની 'વિદેશી માલસામાનના બહિષ્કાર'ની નીતિએ આઝાદી મેળવવા માટે પાયાના પત્થરની ભૂમિકા ભજવી છે, તેથી તેમણે વ્યૂહાત્મક રીતે આ માટે ચરખાને એક સાધન તરીકે અપનાવ્યું. હાલના સમયમાં આ કાર્યક્રમનો મુખ્ય હેતુ દેશની નવી પેઢીને ખાદી વિશે અવગત કરાવીને તેનો ઉપયોગ વધારવા માટે "Khadi for Fashion, Khadi for Nation, Khadi for Transformation" ના માનનીય વડાપ્રધાનશ્રીના મંત્રને છેવટ સુધી પહોંચાડવાનો છે.

આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી અને રાજ્ય સરકારના માનનીય કુટીર ઉદ્યોગ મંત્રી પણ સંબોધન કરશે. આ ઉપરાંત ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડની નવી ઓફિસ બિલ્ડીંગનું ઈ-ઉદઘાટન, માનનીય વડાપ્રધાનશ્રીના હસ્તે કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ખાદી પર એક ડોક્યુમેન્ટ્રી પણ દર્શાવવામાં આવશે જેમાં ખાદીના પરંપરાગત ફેબ્રિકથી લઈને આજના ફેશન સ્ટેટમેન્ટ સુધીની પ્રગતિ, ખાદી દ્વારા મહિલા સશક્તિકરણ, ભારતની અર્થવ્યવસ્થામાં ખાદીનું મહત્વ અને માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા ખાદીના વિકાસમાં આપવામાં આવતા સતત પ્રોત્સાહનને દર્શાવવામાં આવશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.